

بسم الله الرحمن الرحيم

رَبِّ زِدْنِي عِلْمًا وَّارْزُقْنِي فَهْمًا

**અય મારા રબ! મારું ઈલ્મ વધાર,**
**અને મને સમજદારીની રોજી અતા કર.**



**સરપરસ્ત**

**મર્હૂમ અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.) અને પીર સૈયદ મોહંમદ કામરાનહુસૈન જાફરી (મદ્દે.)**




**અખિલ ગુજરાત શીઆ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક**

# جعفری آواز

# જાફરી આવાઝ

શીઆ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

**Vol.-12, Issue-12, November-2025**

વર્ષ : ૪૫ સળંગ અંક : ૫૨૭



**સંપાદક મંડળ**

**આદ્ય તંત્રી :** મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા

**તંત્રી :** કાસિમભાઈ વિજાપુરા–૯૪૨૬૫૪૧૪૭૨

**સહતંત્રી :** ફૈઝમોહંમદ મસી

**સલાહ–માર્ગદર્શન :** મૌલવી હાસમભાઈ ગાંધી (સિદ્ધપુર)

**લેસર&ગ્રાફીક વર્ક :** શબ્બીરઅલી રેવાસીયા

અકબરહુસૈન ફત્તેહ

**વ્યવસ્થાપક મંડળ**

**વ્યવસ્થાપક :** રઝાઅલી ખાણશીયા–૮૪૬૦૪૯૨૪૨૯



**કાર્યાલયનું સરનામું**

**'જાફરી આવાઝ' (માસિક)**

મુ.પો. ઈલોલ તલાવ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા
પીન – ૩૮૩૨૨૦

**Website : www.jafariaawaz.com ❄ email : jafariaawaz@gmail.com**



Title Calligraphy: http://www.asr-entezar.ir


## લેખાનુક્રમ


- **ઉઘડતે પાને**

હિદાયત: હુદહુદ પક્ષી અને મલિકાએ સબા... 3

- **તંત્રી લેખ**

માબાપ વિષેની ચાલીસ હદીસો............. 7

- **કુરઆન અને હદીસ**

કુરઆન શિક્ષણ ................................11

ગુરરુલ હિકમ .................................13

નહ્જુલ અસરાર ..............................15

- **તરીકત**

મશાયખવાણી.................................19

- **અદબિયાત**

મીર અનીસના મરસિયા .................... 23

- **તારીખ અને ભૂગોળ**

સીરતે અઈમ્માએ અહલેબૈત (અ.)......... 27

અલ ઈર્શાદ ....................................31

- **અખ્લાક**

મિસ્બાહુશ્શરીઆ ............................ 35

તહ્ઝીબુલ ઈસ્લામ ...........................37

આધુનિક સમયમાં એક મુસ્લિમ માટે માર્ગદર્શન...41

- **દુઆ અને મુનાજાત**

ઈબાદાત...................................... 45

- **અન્ય**

વ્યક્તિ વિશેષ – બનુ હાશિમના ગુલામો .... 46

આપણા ઘરની વાતો ........................ 48

'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન........... 49

## હિદાયત:

# હુદહુદ પક્ષી અને મલિકાએ સબા (બીબી બિલ્કીસ)નો કિસ્સો

અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.)

اَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطَانِ الرَّجِيْمِ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ وَالصَّلَاةُ وَالسَّلَامُ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهِ الطَّيِّبِيْنَ

(ગતાંકનું ચાલુ)

مجھے مال کے ذریعے نہ ورغلاؤ

હઝરત સુલયમાન (અ.)એ તોહફાઓ જોયા અને આ જવાબ આપ્યો કે, "માલ વડે મને ગુમરાહ કરવાની કોશિશ ન કરો."

ملکۂ سبا کے روانہ کئے ہوئے افراد نے سرزمینِ یمن کو خیرباد کہا اور شام اور حضرت سلیمانؑ کے مرکزِ حکومت کی طرف چل دیے۔

યમનની પાસે સબા, સબાની રાણી બીબી બિલ્કીસ, અને શામની પાસે હઝરત સુલયમાન (અ.)ની હુકૂમત. યમનને છોડ્યું અને હઝરત સુલયમાન (અ.)ની હુકૂમતમાં દાખલ થયા.

دل میں یہی تصور لئے ہوئے کہ سلیمانؑ ان کے تحائف قبول کر لیں گے اور خوش ہو کر انہیں شاباش کہیں گے۔

બીબી બિલ્કીસ તો માઅરેફતવાળાં હતાં. દરબારીઓ એટલા માઅરેફતવાળા ન હોય એટલે વિચારતા હતા કે આટલા મોંઘા મોંઘા તોહફાઓ સુલયમાન (અ.) ખુશ થઈને લઈ લેશે, અને તેમને શાબાશી મળશે.

لیکن جوں ہی وہ سلیمانؑ کے حضور پیش ہوئے تو وہاں پر عجیب و غریب منظر دیکھا۔

એટલે હઝરત સુલયમાન (અ.)ના દરબારમાં આવ્યા, તો સામે કંઈ વિચિત્ર જ વાત જોઈ.

سلیمانؑ نے نہ صرف ان کا استقبال نہیں کیا بلکہ ان سے یہ بھی کہا:

એટલે સ્વાગત પણ કર્યું નહીં અને કહ્યું:

"کیا تم یہ چاہتے ہو کہ اپنے مال کے ذریعے میری مدد کرو؟

તમે આવું ઈચ્છો છો કે મારી મદદ કરો તમારા માલ વડે?

حالانکہ یہ مال میری نگاہ میں بالکل بےقیمت سی چیز ہے،

આ માલનું મારી દૃષ્ટિમાં તો કોઈ મૂલ્ય જ નથી.

جو کچھ خدا نے مجھے عطا فرمایا ہے اس سے کئی حصے بہتر اور کہیں قیمتی ہے۔"

(સૂરા નમ્લ, આયત-૩૬)

અલ્લાહે જે મને આપ્યું છે તે આ માલ કરતાં ઘણું સારું છે.

نبوت، علم و دانش، ہدایت اور تقویٰ...

અલ્લાહે શું આપ્યું હતું? નબુવ્વત આપી હતી, ઈલ્મો દાનિશ – સમજદારી અને જ્ઞાન આપ્યું હતું, તકવા – પરહેઝગારી આપી હતી.

نبوت، علم و دانش، ہدایت اور تقویٰ کے مقابلے میں مال کی کیا حیثیت ہے؟

આવી બધી દોલત મારી પાસે છે તો આવા માલનું મારી સામે શું મૂલ્ય?

"یہ تم ہو جو اپنے تحفے پر خوش ہوتے ہو۔"

(સૂરા નમ્લ, આયત–૩૬)

આ તમે જ લોકો હોવ કે આવા તોહફા લઈને આવો અને ખુશ થાઓ, હું ખુશ ન થાઉં.

جی ہاں! یہ تمہیں لوگ ہو کہ اس قسم کے حسین اور قیمتی تحفے اگر ایک دوسرے کے لئے بھی بھیجو تو اس قدر مسرور و شاداں نظر آتے ہو کہ خوشی کی چمک تمہاری آنکھوں سے نمایاں ہوتی ہے، لیکن میری نگاہوں میں ان کی کوئی قدر و قیمت نہیں ہے۔

اس طرح سے حضرت سلیمانؑ نے ان کی اقدار اور معیار کی نفی کر دی اور تحائف کو حقارت کے ساتھ ٹھکرا کر ثابت کر دیا کہ ان کے نزدیک اقدار اور معیار کچھ اور ہیں۔ دنیا پرستوں کے مقرّر کردہ معیار ان کے سامنے ہیچ اور بے قیمت ہیں۔

એટલે હઝરત સુલયમાન (અ.)નાં મૂલ્યો કંઈક જુદાં જ હતાં, અને દુનિયાવાળાઓનાં મૂલ્યો જુદાં છે, હઝરત સુલયમાન (અ.)એ સાબિત કરી નાખ્યું.

سلیمانؑ نے حق و باطل کے مسئلے میں اپنے اس عزم بالجزم کو ثابت کرنے کے لئے ملکۂ سبا کے خاص ایلچی سے فرمایا:

જે ખાસ એલચી હતો તેને ઉદ્દેશીને હઝરત સુલયમાન (અ.)એ ફરમાવ્યું:

"تم ان کی طرف واپس پلٹ جاؤ،

બીબી બિલ્કીસ પાસે પાછા જાઓ.

(اور اپنے یہ تحفے بھی ساتھ لے جاؤ) لیکن یہ ضرور یاد رکھو کہ ہم کئی لشکر لے کر ان کے پاس بہت جلد پہنچ رہے ہیں،

બસ આવો મારો મેસેજ લઈ જાઓ કે, લશ્કરો લઈને અમે આવી જ રહ્યા છીએ, તોહફાઓથી અમે માંડી નથી વાળ્યું.

جن کے مقابلے کی طاقت ان میں نہیں ہو گی،

એટલે અમે જ્યારે આવીશું લશ્કર લઈને, ત્યારે તમારું લશ્કર કંઈ અમારી સામે છે જ નહીં.

اور ہم انہیں اس سرزمین سے ذلیل کر کے نکال دیں گے اور وہ نہایت ہی حقیر ہوں گے۔"

(સૂરા નમ્લ, આયત–૩૭)

એટલે હઝરત સુલયમાન (અ.)એ કદાચ બીબી બિલ્કીસની આઝમાઈશ લેવા માટે — બીબી બિલ્કીસે કીધેલું કે બાદશાહો તો ત્યાંના ઈજ્જતદાર લોકોને અપમાનિત કરે છે. સુલયમાન (અ.)એ — એ જ શબ્દો વાપર્યા કે, અમે ત્યાં આવીશું અને તમારું અપમાન કરીશું, અને તમને

બિલકુલ જ હકીર એટલે કે તુચ્છ કરીને છોડીશું.

حضرت سلیمانؑ کی یہ دھمکی ان لوگوں کے نزدیک صحیح اور قابل عمل بھی تھی، کیونکہ انہوں نے حضرت سلیمانؑ اور ان کے جاہ و جلال اور فوج و لشکر کو نزدیک سے دیکھا تھا۔

એટલે કે હઝરત સુલયમાન (અ.)ની રિયાસતમાં, હુકૂમતમાં દાખલ થયા એટલે જ હઝરત સુલયમાન (અ.)નો દબદબો તેમણે જોઈ લીધો, એટલે સમજી ગયા કે હઝરત સુલયમાન (અ.) ખોખલી ધમકી આપી રહ્યા નથી, જે કંઈ પણ તે કહી રહ્યા છે તે ઉપર સક્ષમ છે.

چنانچہ حضرت سلیمانؑ نے ان سے دو چیزوں کا تقاضا کیا تھا: ایک تو برتری طلبی کو ترک کر دیں، اور دوسرے حق کے آگے جھک جائیں۔

બે વસ્તુ હઝરત સુલયમાન (અ.)એ તેમનાથી માગી, કે પોતાની જાતને અમારા દેશથી ચડિયાતા માનો છો એ વાત છોડી દો. એ સાચી વાત છે જ નહીં. એ માની લો કે તમે ચડિયાતા નથી. અને બીજું એ કે જે સત્ય છે, સૂર્યની સામે સજ્દા કરવાની વાત છોડીને અલ્લાહની પૂજા કરવાની તરફ પાછા આવી જાઓ.

اہل سبا کا ان دونوں چیزوں کا مثبت جواب نہ دینا اور اس کی بجائے تحائف کا بھیجنا اس بات کی دلیل تھا کہ وہ حق کو قبول نہیں کرتے اور نہ ہی برتری طلبی سے باز آتے ہیں، لہٰذا حضرت سلیمانؑ نے ان پر فوجی دباؤ ڈالنے کی کوشش کی۔

એટલે તોહફાઓ મોકલવું, અને હઝરત સુલયમાન (અ.)એ જે દાવત આપી હતી તેનો જવાબ ન આપવો, એ હઝરત સુલયમાન (અ.) પર જાહેર કરતું હતું કે તેઓ હકની દાવત કબૂલ કરવા તૈયાર નથી. એટલે હઝરત સુલયમાન (અ.) એ આવો જવાબ આપ્યો.

جبکہ ملکہً سبا اور اس کے درباریوں نے دلیل اور ثبوت یا معجزہ وغیرہ کا مطالبہ کیا تھا، لہٰذا انہیں موقع فراہم کیا کہ مزید تحقیق کریں، لیکن تحفوں کے بھیجنے سے معلوم ہوتا تھا کہ وہ انکار کر چکے ہیں۔

એટલે બીબી બિલ્કીસ અને તેમના દરબારીઓએ મોઅજિઝાઓની માંગ કરી હતી કે, તમે અલ્લાહ તરફના હો તો મોઅજિઝા પણ દેખાડો. એટલે મોહલત આપી હઝરત સુલયમાન (અ.)એ તેમને વધુ આઝમાઇશ કરવાની, કે તેઓ જાણી જાય કે અલ્લાહના નબી જ છે. પરંતુ તોહફાઓ મોકલીને તેમણે જાહેર કરેલું કે તેઓ તેમની દાવત કબૂલ કરવા માગતા નથી, એટલે સખ્ત શબ્દોમાં પાછી ચઢાઈ કરવાની ધમકી આપી.

یہ بات بھی ہمیں معلوم ہے کہ حضرت سلیمانؑ کو ہدہد نے جو ناخوشگوار خبر سنائی تھی، وہ یہ کہ ملک سبا کے لوگ سورج پرست ہیں، اور غیب و حضور کے جاننے والے سے روگردانی کئے ہوئے ہیں، اور مخلوق کے آگے جھکے ہوئے ہیں۔

એટલે مخلوق کے آگے, અલ્લાહની સૃષ્ટિ આગળ ઝૂકે છે, અને જે ગેબ અને અલ્લાહની માઅરેફત રાખનારો માણસ છે તેની વાતો સાંભળતા નથી.

سلیمانؑ کی یہ دھمکی 'لَآ اِكْرَاهَ فِي الدِّيْنِ' کے بنیادی اصول سے بھی متصادم نہیں ہے، کیونکہ بت پرستی کوئی دین نہیں بلکہ ایک خرافات اور راہ حق سے انحراف ہے۔

કહે છે કે, لَآ اِكْرَاهَ فِي الدِّيْنِ (દીનમાં કોઈ બળજબરી નથી), આ વાતનો વિરોધ હઝરત સુલયમાન (અ.) નહોતા કરી રહ્યા, કારણ કે لَآ اِكْرَاهَ فِي الدِّيْنِ છે, દીનમાં કોઈ બળજબરી નથી. પરંતુ જે લોકો દીનના બહાર જ ચાલ્યા જાય અને દીનદાર લોકોને ગુમરાહ કરવા ઈચ્છે, તો પછી દીનદાર લોકોને પણ પોતાના દીન, પોતાની માન્યતાઓની હિફાઝત કરવાનો અને પોતાની રીતે માનવાનો અધિકાર છે. (ક્રમશ:)

حضرت سلیمانؑ کو اسی بات سے سخت دکھ پہنچا تھا، اور ہم جانتے ہیں کہ بت پرستی ایک ایسی بات ہے جس کے سامنے کوئی بھی خدائی دین خاموش تماشائی نہیں بن سکتا،

એટલે જ્યારે પણ અલ્લાહ તરફથી દીન આવ્યો છે, ત્યારે આ જ દૂષણ — બુતપરસ્તી — સામે આવ્યું છે. એટલે હઝરત સુલયમાન (અ.)એ પણ જ્યારે આ વિષે વાત સાંભળી એટલે દુ:ખી થયા, અને એને નાબૂદ કરવાની ઠાની.

اور نہ ہی بت پرستوں کو ایک مذہبی اقلیت مان سکتا ہے، بلکہ بوقت ضرورت زبردستی بھی بت کدوں کو مسمار اور شرک و بت پرستی کو نیست و نابود کر سکتا ہے۔

مندرجہ بالا توضیحات سے بخوبی معلوم ہوتا ہے



# માબાપ વિષેની ચાલીસ હદીસો

મોમિન કાસિમભાઈ વિજાપુરા (મહેરપુરા)

**(૨૯) માબાપને દુ:ખી બનાવવાં:**

قَالَ اَمِيْرُ الْمُؤْمِنِيْنَ عَلَيْهِ السَّلَامُ: مَنْ اَحْزَنَ وَالِدَيْهِ فَقَدْ عَقَّهُمَا.

અમીરુલ મોમિનીન (અ.)એ ફરમાવ્યું છે, "એ કે જે પોતાનાં માબાપને દુ:ખી બનાવવા માટે કારણભૂત બને છે, તે બેશક તેમના દ્વારા આક બની જાય છે."

(બિહારુલ અન્વાર, જિલ્દ–૭૪, સફહા–૬૪)

**(૩૦) ઈમામ (અ.)ની નારાજગી:**

عَنْ اَبِیْ جَعْفَرٍ عَلَيْهِ السَّلَامُ قَالَ: اِنَّ اَبِیْ نَظَرَ اِلٰی رَجُلٍ وَّمَعَهُ ابْنُهٗ يَمْشِیْ وَالْاِبْنُ مُتَّكِئٌ عَلٰی ذِرَاعِ الْاَبِ قَالَ فَمَا كَلَّمَهٗ اَبِیْ عَلَيْهِ السَّلَامُ مَقْتًا لَّهٗ حَتّٰی فَارَقَ الدُّنْيَا.

ઈમામ મોહંમદ બાકિર (અ.) બયાન કરે છે, "એક વાર મારા બાબાએ એક માણસને અને તેના દીકરાને એક સાથે ચાલતા જોયા. જેવા તેઓ ચાલ્યા, તો દીકરાએ તેના પિતાના ખભા પર ટેકો લીધેલો હતો. (દીકરાનું આ કાર્ય મારા બાબાને એટલું બધું નફરતભર્યું અને ક્રોધ ચડે તેવું લાગ્યું કે) આપ (અ.)એ આખી જિંદગી સુધી એની સાથે વાતચીત કરી નહીં."

(બિહારુલ અન્વાર, જિલ્દ–૭૧, સફહા–૬૪)

**(૩૧) પોતાના બાપ સાથે ઝઘડો કરવો:**

قَالَ اَبُوْ عَبْدِ اللهِ عَلَيْهِ السَّلَامُ: ثَلَاثَةٌ مَّنْ عَازَّهُمْ ذَلَّ الْوَالِدُ وَالسُّلْطَانُ وَالْغَرِيْمُ.

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું છે, "ત્રણ માણસો એવા છે કે જે કોઈ તેમની સાથે દલીલબાજી કરે, તો તેઓ હલકાઈ અને માનહાનિ ભોગવશે; કોઈના બાપ સાથે, એક (ન્યાયી) શાસક સાથે; અને એક કે જે દેવાદાર હોય તેની સાથે."

(બિહારુલ અન્વાર, જિલ્દ–૭૧, સફહા–૭૦)

**(૩૨) જન્નતની ખુશબૂ:**

قَالَ رَسُوْلُ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَاٰلِهٖ فِیْ كَلَامٍ لَّهٗ : اِيَّاكُمْ وَعُقُوْقَ الْوَالِدَيْنِ فَاِنَّ رِيْحَ الْجَنَّةِ تُوْجَدُ مِنْ مَّسِيْرَةِ اَلْفِ عَامٍ وَّلَا يَجِدُهَا عَاقٌّ وَّلَا قَاطِعُ رَحِمٍ.

રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું છે, "તમે તમારા માતા–પિતાથી આક થવાથી સાવધ રહો, કેમ કે બેશક, જન્નતની ખુશબૂ કે જે એક હજાર વર્ષોના અંતરથી સૂંઘવામાં આવે છે, તે તેના નાક સુધી કદી પણ પહોંચશે નહીં કે જેને તેના માતા–પિતા દ્વારા આક કરવામાં આવ્યો હોય, અને એ કે જેણે

(પોતાનાં સગાંવહાલાં સાથે) સંબંધ તોડી નાખ્યો હોય."

(બિહારુલ અન્વાર, જિલ્દ–૭૧, સફહા–૬૧)

**(૩૩) જન્નતમાં પ્રવેશબંધી:**

عَنِ الصَّادِقِ عَلَيْهِ السَّلَامُ قَالَ: لَا يَدْخُلُ الْجَنَّةَ الْعَاقُّ لِوَالِدَيْهِ وَمُدْمِنُ الْخَمْرِ وَالْمَنَّانُ بِالْفِعَالِ الْخَيْرِ إِذَا عَمِلَهُ.

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું છે, "એ માણસ કે જેને પોતાનાં માબાપ દ્વારા આક કરવામાં આવ્યો હોય, એ કે જે શરાબ પીતો હોય, અને એ કે જે અન્ય લોકો તરફ ભલાઈનાં કાર્યો તો કરતો હોય, પરંતુ તેમની તરફ એહસાન જતાવતો હોય, તે કદી પણ જન્નતમાં દાખલ થઈ શકશે નહીં."

(બિહારુલ અન્વાર, જિલ્દ–૭૧, સફહા–૭૪)

**(૩૪) અલ્લાહ તઆલા તેમના પર રહમ નહીં કરે:**

قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَاٰلِهٖ: اَرْبَعَةٌ لَّا يَنْظُرُ اللّٰهُ اِلَيْهِمْ يَوْمَ الْقِيَامَةِ عَاقٌّ وَّمَنَّانٌ وَّمُكَذِّبٌ بِالْقَدَرِ وَمُدْمِنُ خَمْرٍ.

રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું છે, "હિસાબના (કયામતના) દિવસે, લોકોનાં ચાર ટોળાં એવાં હશે કે જેમના ઉપર અલ્લાહ રહમની નજર નહીં કરે: એ લોકો કે જેમને તેમના પિતાએ આક કર્યા હોય, એવા લોકો કે જેમણે બીજાઓ પર ભલાઈ કર્યા પછી તેમના પર એહસાન જતાવ્યો હોય, એ લોકો કે જેઓ તકદીરનો ઈન્કાર કરનારા હોય, અને એ કે જેઓ શરાબ પીતા હોય."

(બિહારુલ અન્વાર, જિલ્દ–૭૧, સફહા–૭૧)

**(૩૫) આ દુનિયામાં જ સજા:**

قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَاٰلِهٖ: ثَلَاثَةٌ مِّنَ الذُّنُوْبِ تُعَجَّلُ عُقُوْبَتُهَا وَلَا تُؤَخَّرُ اِلَى الْاٰخِرَةِ عُقُوْقُ الْوَالِدَيْنِ وَالْبَغْيُ عَلَى النَّاسِ وَكُفْرُ الْاِحْسَانِ.

રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું છે કે, "ત્રણ ગુનાહ એવા છે કે જેની સજાઓ જલ્દી મળી જાય છે અને આખેરત સુધી મુલતવી રાખવામાં આવતી નથી: માબાપ દ્વારા આક થયેલાની સજા, લોકો ઉપર અત્યાચાર કરવાની સજા, અને દયાભાવ દર્શાવ્યાની બાબતમાં કૃતજ્ઞતા (આભારની લાગણી) ન બતાવવાની સજા."

(બિહારુલ અન્વાર, જિલ્દ–૭૧, સફહા–૭૪)

**(૩૬) ગંભીર ગુનોહ:**

عَنْ اَبِيْ عَبْدِ اللّٰهِ عَلَيْهِ السَّلَامُ قَالَ: اَلذُّنُوْبُ الَّتِيْ تَظْلُمُ الْهَوَآءَ عُقُوْقُ الْوَالِدَيْنِ.

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું છે, "એવો ગુનોહ કે જે આસમાનોને અંધકારમય બનાવી દે છે, તે છે પોતાનાં માબાપ દ્વારા આક થવાનો."

(બિહારુલ અન્વાર, જિલ્દ–૭૧, સફહા–૭૪)

**(૩૭) દુર્દશા:**

عَنِ الصَّادِقِ عَلَيْهِ السَّلَامُ قَالَ: عُقُوْقُ الْوَالِدَيْنِ مِنَ الْكَبَآئِرِ لِاَنَّ اللهَ جَعَلَ الْعَاقَّ عَصِيًّا شَقِيًّا.

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું છે, "પોતાનાં માબાપ દ્વારા આક થવું, એ કબીરા ગુનાહોમાંથી એક ગુનોહ છે. આવું એ કારણે છે કે અલ્લાહ અઝ્ઝ વ જલ્લે આવી વ્યક્તિને નાફરમાન અને અણગમતી ગણી છે."

(બિહારુલ અન્વાર, જિલ્દ–૭૧, સફહા–૭૪)

### (૩૮) અધોગતિ:

عَنْ اَبِيْ عَبْدِ اللهِ عَلَيْهِ السَّلَامُ اَنَّ رَسُوْلَ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَاٰلِهٖ حَضَرَ شَآبًّا عِنْدَ وَفَاتِهٖ فَقَالَ: لَهٗ قُلْ لَآ اِلٰهَ اِلَّا اللهُ . قَالَ: فَاعْتُقِلَ لِسَانُهٗ مِرَارًا. فَقَالَ لِامْرَاَةٍ عِنْدَ رَاْسِهٖ: هَلْ لِهٰذَا اُمٌّ؟ قَالَتْ: نَعَمْ اَنَا اُمُّهٗ. قَالَ: اَفَسَاخِطَةٌ اَنْتِ عَلَيْهِ؟ قَالَتْ: نَعَمْ مَا كَلَّمْتُهٗ مُنْذُ سِتِّ حِجَجٍ. قَالَ لَهَا: ارْضَىْ عَنْهُ. قَالَتْ: رَضِيَ اللهُ عَنْهُ بِرِضَاكَ عَنْهُ يَا رَسُوْلَ اللهِ. فَقَالَ لَهٗ رَسُوْلُ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَاٰلِهٖ: قُلْ لَآ اِلٰهَ اِلَّا اللهُ. قَالَ فَقَالَهَا ثُمَّ طَفَا.

ઈમામ જાફર સાદિક (અ.)એ બયાન કર્યું છે કે, "એક વાર રસૂલલ્લાહ (સ.) એક યુવક પાસે આવ્યા કે જે મરવાની અણી પર હતો અને આપ (સ.)એ તેને કહ્યું, "કહો, لَآ اِلٰهَ اِلَّا اللهُ (અલ્લાહ સિવાય કોઈ ખુદા નથી.)", પરંતુ તે યુવકની જીભ બંધાયેલી લાગી અને તે એ શબ્દો બોલવા માટે અશક્તિમાન હતો. જ્યારે આવું ઘણી વખત બન્યું, તો રસૂલલ્લાહ (સ.)એ તે યુવકના સિરહાના નજીક ઊભેલી એક સ્ત્રીને કહ્યું, "શું આ યુવકની મા છે ખરી?" તે સ્ત્રીએ જવાબ આપ્યો, "હા, હું જ એની મા છું." નબી (સ.)એ તેણીને પૂછ્યું, "શું તમે એની સાથે ગુસ્સે થયેલાં છો?" તેણીએ કહ્યું, "હા, મેં છેલ્લાં છ વર્ષોથી તેની સાથે વાત કરી નથી." આ સાંભળીને આપ (સ.)એ તેણીને કહ્યું, "તમે તેનાથી રાજી થઈ જાઓ." તેણી સહમત થઈ ગઈ અને કહ્યું, "યા રસૂલલ્લાહ (સ.)! આપની ખુશી ખાતર, કે જેથી અલ્લાહ પણ તેનાથી ખુશ થઈ જાય." (પછી પેલા યુવક તરફ ફરીને) આપ (સ.)એ કહ્યું, "قُلْ لَآ اِلٰهَ اِلَّا اللهُ (કહો, અલ્લાહ સિવાય કોઈ ખુદા નથી.)" (આ વખતે) પેલો યુવક એ શબ્દો ઉચ્ચારવા શક્તિમાન બન્યો, અને ત્યાર પછી તરત જ તેના શરીરમાંથી તેની રૂહ પરવાઝ કરી ગઈ."

(બિહારુલ અન્વાર, જિલ્દ–૭૧, સફહા–૭૫)

### (૩૯) ફાયદા વગરનાં કામ:

قَالَ رَسُوْلُ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَاٰلِهٖ: يُقَالُ لِلْعَاقِّ اعْمَلْ مَا شِئْتَ فَاِنِّيْ لَآ اَغْفِرُ لَكَ وَيُقَالُ لِلْبَارِّ اعْمَلْ مَا شِئْتَ فَاِنِّيْ سَاَغْفِرُ لَكَ.

રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું છે, "એક માણસ કે જેને તેનાં માબાપે આક કર્યો હતો, તેને કહેવામાં આવ્યું, "મન ફાવે તેવું કાર્ય કર, કારણ કે હું તને માફ નહીં કરું." જ્યારે એક માણસ કે જે પોતાનાં

માબાપ તરફ ભલાઈ દર્શાવતો હતો, તેને કહેવામાં આવ્યું, “મન ફાવે તેવું કાર્ય કર, હું તને માફ કરતો રહીશ.””

(બિહારુલ અન્વાર, જિલ્દ–૭૧, સફહા–૮૦)

**(૪૦) ગુનાહોની માફી:**

عَنْ عَلِيِّ بْنِ الْحُسَيْنِ عَلَيْهِ السَّلَامُ قَالَ: جَآءَ رَجُلٌ اِلَى النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَاٰلِهٖ فَقَالَ يَا رَسُوْلَ اللّٰهِ مَا مِنْ عَمَلٍ قَبِيْحٍ اِلَّا قَدْ عَمِلْتُهُ فَهَلْ لِّيْ مِنْ تَوْبَةٍ؟ فَقَالَ لَهُ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَاٰلِهٖ فَهَلْ مِنْ وَّالِدَيْكَ اَحَدٌ حَيٌّ؟ قَالَ اَبِيْ. قَالَ فَاذْهَبْ فَبَرَّهُ. قَالَ فَلَمَّا وَلّٰى قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَاٰلِهٖ: لَوْ كَانَتْ اُمُّهُ.

ઈમામ ઝૈનુલ આબેદીન (અ.) બયાન કરે છે, “એક વાર એક માણસ રસૂલલ્લાહ (સ.)ની પાસે આવ્યો અને કહેવા લાગ્યો, “યા રસૂલલ્લાહ (સ.)! મેં જાણીતાં બધાં જ ખરાબ કાર્યો આચર્યાં છે. શું મને માફ કરવામાં આવે એવી કોઈ તક છે ખરી?” રસૂલલ્લાહ (સ.)એ તેને પૂછ્યું, “શું તારાં માબાપમાંથી કોઈ જીવે છે?” પેલા માણસે જવાબ આપ્યો, “હા, મારા પિતા.” આપ (સ.)એ તેને કહ્યું, “જા, અને તેમના પ્રત્યે ભલાઈ અને દયાભાવ દર્શાવ.” જ્યારે તે ગયો, તો રસૂલલ્લાહ (સ.) ધીમા અવાજે બોલ્યા, “જો ફક્ત તેની મા જીવતી હોત!””

(બિહારુલ અન્વાર, જિલ્દ–૭૧, સફહા–૮૨)


એહસાનઅલી 87582 16366

કડીવાલા

ઓટો ઈલેક્ટ્રીશિયન & કી મેકર

મહિન્દ્રા ગાડીના સ્પેશ્યાલીસ્ટ

સ્ટાર્ટર પાવર વિન્ડો સેન્ટરલોકીંગ

વોલ્ટેનેટર કોમ્પ્યુટરાઇઝ કાર સ્કેનીંગ અને પ્રોગ્રામિંગ,

ગાડીનું વાયરીંગ કામ અને દરેક પ્રકારની કાર અને બાઇકની રીમોન્ટ (સેન્ટર)વાળી ચાવી બનાવી આપવામાં આવશે.



બસુ કોમ્પ્લેક્ષ, સાગર હોટલની સામે, રોનક ઓટો કન્સલ્ટની બાજુમાં, હાઇવે રોડ, કાંણોદર - 385520



# કુરઆન શિક્ષણ

અઝ : આકાએ નામદાર પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.)

## કુરઆન વિષેની આયતો

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

ذٰلِكَ الْكِتٰبُ لَا رَيْبَ ۛ فِيْهِ ۛ هُدًى لِّلْمُتَّقِيْنَ ۝٢

❁ આ કિતાબ એવી છે કે જેમાં કોઈ પણ પ્રકારની શંકા નથી.[1] તે ગુનાહોથી બચનારાઓ માટે સન્માર્ગદર્શક છે. **(સૂરા બકરા, આયત–૨)**

---

الَّذِيْنَ يُؤْمِنُوْنَ بِالْغَيْبِ وَيُقِيْمُوْنَ الصَّلٰوةَ وَمِمَّا رَزَقْنٰهُمْ يُنْفِقُوْنَ ۝٣

❁ જેઓ અદ્દશ્ય[2] બાબતોમાં માને છે, તથા નમાઝ કાયમ કરે છે, અને અમોએ તેમને જે કાંઈ આપ્યું છે, તેમાંથી (અમારા માટે) ખર્ચ કરે છે.

**(સૂરા બકરા, આયત–૩)**

---

وَالَّذِيْنَ يُؤْمِنُوْنَ بِمَآ اُنْزِلَ اِلَيْكَ وَمَآ اُنْزِلَ مِنْ قَبْلِكَ ۚ وَبِالْاٰخِرَةِ هُمْ يُوْقِنُوْنَ ۝٤

❁ અને (અય રસૂલ!) જે (કુરઆન) તારા પર ઉતારવામાં આવ્યું છે, તથા જે (ઈલાહી કિતાબો) તારી પહેલાં ઉતારવામાં[3] આવી છે, તેના ઉપર તેઓ ઈમાન લાવે છે, અને કયામતના દિવસમાં (પણ)

---

1 આ કિતાબ અલ્લાહ તરફથી ઊતરેલી છે, તેમાં કોઈ પણ પ્રકારની શંકા નથી.

2 જે વસ્તુઓ હસ્તી ધરાવે છે, પણ દેખી શકાતી નથી તે; જેમ કે અલ્લાહ, ફરિશ્તા, જિન્નાત, વગેરે

3 તારી પહેલાં એટલે હઝરત મોહંમદ (સ.)ની પહેલાં થઈ ગયેલા નબીઓ ઉપર ઉતારવામાં આવેલાં આકાશી પુસ્તકો: તૌરાત, ઝબૂર, ઈન્જીલ, વગેરે

તેઓ સંપૂર્ણ વિશ્વાસ રાખે છે.

**(સૂરા બકરા, આયત–૪)**

---

وَاِنۡ كُنۡتُمۡ فِىۡ رَيۡبٍ مِّمَّا نَزَّلۡنَا عَلٰى عَبۡدِنَا فَاۡتُوۡا بِسُوۡرَةٍ مِّنۡ مِّثۡلِهٖ ۖ وَادۡعُوۡا شُهَدَآءَكُمۡ مِّنۡ دُوۡنِ اللّٰهِ اِنۡ كُنۡتُمۡ صٰدِقِيۡنَ ﴿٢٣﴾

❁ અને અમોએ જે (કુરઆન) અમારા બંદા ઉપર ઉતાર્યું છે, તેમાં કદાચને તમને શંકા હોય (કે તે અલ્લાહ તરફનું નથી) તો તેના જેવું એક પ્રકરણ તમે પણ (રચી) લાવો, અને અગર તમે સાચા હો તો અલ્લાહ સિવાય તમારા સાક્ષીઓ લઈ આવો.

**(સૂરા બકરા, આયત–૨૩)**

---

وَلَمَّا جَآءَهُمۡ كِتٰبٌ مِّنۡ عِنۡدِ اللّٰهِ مُصَدِّقٌ لِّمَا مَعَهُمۡ ۙ وَكَانُوۡا مِنۡ قَبۡلُ يَسۡتَفۡتِحُوۡنَ عَلَى الَّذِيۡنَ كَفَرُوۡا ۚ فَلَمَّا جَآءَهُمۡ مَّا عَرَفُوۡا كَفَرُوۡا بِهٖ ۚ فَلَعۡنَةُ اللّٰهِ عَلَى الۡكٰفِرِيۡنَ ﴿٨٩﴾

❁ અને જ્યારે તેમની પાસે અલ્લાહની એક કિતાબ (કુરઆન) આવી કે જે તેમની પાસે (જે કિતાબ) છે, તેની સત્યતા બતાવનાર છે, (ત્યારે તેઓએ તેને માની નહીં) જો કે પ્રથમ તેઓ પોતે નહીં માનનારાઓ વિરુદ્ધ (આવનાર પયગમ્બરની સહાયતાથી) વિજય મેળવવા માટે પ્રાર્થના કરતા હતા,[1] પણ જ્યારે તેમની પાસે તે (પયગમ્બર) આવ્યો, ત્યારે તેમણે (તેને) ઓળખ્યો નહીં અને તેના પર ઈમાન લાવ્યા નહીં; માટે (તે) ઈમાન ન લાવનારાઓ પર અલ્લાહનો ફિટકાર હોજો.

**(સૂરા બકરા, આયત–૮૯)**

---

1 ખૈબરના યહૂદીઓ તાયફાની સાથે વારંવાર લડાઈ કરતા હતા, પરંતુ દરેક વખતે હારી જતા હતા. છેવટે તેમણે અલ્લાહ પાસે દુઆ માગી કે, અય અમારા પરવરદિગાર! આખર જમાનામાં આવનાર 'ઉમ્મી' (અનપઢ) નબી હઝરત મોહંમદ (સ.)ના વાસ્તાથી અમને વિજય આપ. ત્યાર પછી તેઓ ફતેહ પામ્યા.

# ગુરરુલ હિકમ

غُرَرُ الحِكَم



(હિકમતની જટિલતા અને ઉપદેશનાં મોતી)

(ઈમામ અલી (અ.)નાં બોધવચનો)

ઉર્દૂમાંથી અનુવાદ : જનાબ સૈયદ ઓવેસએહમદ એડ. જાફરી

## હુકૂમત અને સર્વોપરિતા

ـ اَلذُّلُّ بَعدَ العِزِّ یُوازِی عِزَّ الوِلایَةِ

૨. સત્તા પરથી ઉથલાવી દેવાયા પછી થતું અપમાન સર્વોપરિતાની ભવ્યતાના પ્રમાણમાં જ હોય છે.

۳ـ اِستِكَانَةُ الرَّجُلِ فِی العَزلِ، بِقَدرِ شَرِّهِ فِی الوِلايَةِ

૩. સત્તા પ્રાપ્ત કર્યા પછી કરેલાં દુષ્ટ કામોના પ્રમાણમાં જ ઉથલાવી નાખવામાં આવેલા શાસકનું અપમાન હોય છે.

۴ـ اِعدِل فِیمَا وُلِّیتَ، اُشكُر لِلّٰهِ فِیمَا اُولِیتَ

૪. તમને મળેલી સત્તા બાબતે ન્યાય કરો, અને તમને મળેલી નેઅમતો માટે અલ્લાહનો શુક્ર કરો.

۵ـ اُحرُس مَنزِلَتَكَ عِندَ سُلطَانِكَ، وَاحذَر اَن يَحُطَّكَ عَنهَا التَّهَاوُنُ عَن حِفظِ مَا رَقَّاكَ اِلَيهِ

૫. તમારા રાજાની સમક્ષ તમારો મોભો જાળવી રાખો, અને જેના કારણે તમે આગળ આવેલા છો, તેને જાળવી રાખવામાં બેદરકાર બનીને પસ્ત થવા બાબતે સાવચેત રહો.

۶ـ اَقِمِ النَّاسَ عَلٰی سُنَّتِهِم وَدِینِهِم، وَلْيَاْمَنكَ بَرِيئُهُم، وَلْيَخَفكَ مُرِيبُهُم، وَتَعَاهَد ثُغُورَهُم وَاَطرَافَهُم

૬. તમારા લોકોને તેમના રિવાજો અને ધર્મોના આધારે માર્ગદર્શન આપો, તેમનામાંના નિર્દોષ લોકોને (તમારા ગુસ્સાથી) પનાહ આપો, તેમનામાંના શંકાસ્પદ લોકોને તમારાથી ભયભીત રાખો, અને તેમની સીમાઓ અને સરહદોનું રક્ષણ કરો.

۷ـ اِجعَلِ الدِّینَ كَهفَكَ، وَالعَدلَ سَيفَكَ، تَنجُ

૭. દીનને તમારું શરણ અને ન્યાયને તમારી

مِنْ كُلِّ سُوْٓءٍ، وَّتَظْفَرُ (تَظْهَرُ) عَلٰى كُلِّ عَدُوٍّ

તલવાર બનાવો, (આનાથી) તમે દરેક અનિષ્ટથી સુરક્ષિત રહેશો અને દરેક દુશ્મન ઉપર વિજયી નીવડશો.

٨۔ اِحْذَرِ الْحَيْفَ وَالْجَوْرَ، فَاِنَّ الْحَيْفَ يَدْعُوْٓا اِلَى السَّيْفِ، وَالْجَوْرَ يَعُوْدُ بِالْجَلَآءِ، وَيُعَجِّلُ الْعُقُوْبَةَ وَالْاِنْتِقَامَ

૮. અન્યાય અને જુલ્મથી સાવધાન રહો, કારણ કે અન્યાય હિંસાને આમંત્રિત કરે છે, અને જુલ્મ હકાલપટ્ટી તરફ લઈ જાય છે અને બદલો લેવા અને વેર વાળવા પ્રેરે છે.

٩۔ اَقْبَحُ شَيْءٍ جَوْرُ الْوُلَاةِ

૯. સૌથી ખરાબ બાબત શાસકોનો જોરજુલમ છે.

١٠۔ اَلْمُلْكُ سِيَاسَةٌ

૧૦. રાજાશાહી રાજકારણ છે.

١١۔ اَلْمُلْكُ (اَلْمَلَلُ) يُفْسِدُ الْاُخُوَّةَ

૧૧. રાજાશાહી ભાઈચારાને નષ્ટ કરે છે.

١٢۔ اَلرِّيَاسَةُ عَطَبٌ

૧૨. નેતાગીરી વિનાશ છે.

١٣۔ اَلْاِنْصَافُ زَيْنُ الْاِمْرَةِ

૧૩. ન્યાયિતા નેતાઓનો શણગાર છે.

١٤۔ اَلتَّكَبُّرُ فِي الْوِلَايَةِ ذُلٌّ فِي الْعَزْلِ

૧૪. સર્વોપરિતામાં અહંકાર અપમાનિત કરે છે.

١٥۔ اَلْوِلَايَاتُ مَضَامِيْرُ الرِّجَالِ

૧૫. શાસન એ પુરુષાર્થનું ક્ષેત્ર છે.

١٦۔ اٰلَةُ الرِّيَاسَةِ سَعَةُ الصَّدْرِ

૧૬. નેતાગીરીની સામગ્રી ધૈર્ય અને હૃદયની વિશાળતા છે.

١٧۔ اٰفَةُ الرِّيَاسَةِ الْفَخْرُ

૧૭. નેતાગીરીનું સંકટ મિથ્યાભિમાન છે.

١٨۔ اِذَا وُلِّيْتَ فَاعْدِلْ

૧૮. જ્યારે તમને સત્તા સોંપવામાં આવે, ત્યારે ન્યાયથી વર્તો.

١٩۔ اِذَا مَلَكَ الْاَرَاذِلُ هَلَكَ الْاَفَاضِلُ

૧૯. જ્યારે હલકટ લોકો શાસક બની જાય છે, ત્યારે ગૌરવશાળીઓ બરબાદ થાય છે.

٢٠۔ اِذَا سَادَ السِّفَلُ خَابَ الْاَمَلُ

૨૦. જ્યારે નીતિભ્રષ્ટ લોકો સત્તા પર આવે છે, ત્યારે આશાઓ નિરાશામાં પલટાય છે.

٢١۔ اِذَا اسْتَوْلَى اللِّئَامُ اضْطُهِدَ الْكِرَامُ

૨૧. જ્યારે દુષ્ટ લોકો શાસક બને છે, ત્યારે સન્માનનીય લોકો પર જુલ્મ થાય છે.



હઝરત અલી (અ.)ના ખુત્બાઓ, બોધવચનો, પત્રો, જવાબપત્રો, આદેશો, હુજ્જતો, દુઆઓ અને વસિયતોનો સંગ્રહ

# نهج الاسرار
# નહજુલ અસરાર

સંપાદક : મોલવી સૈયદ ગુલામહુસૈન રઝા
અનુવાદક : મો.કાસિમભાઈ વિજાપુરા

## (૧૦) લશ્કરને પ્રેરણા આપતો ખુત્બો

(જંગે સિફ્ફીન દરમિયાન એક દિવસે જ્યારે કે અમીરુલ મોમિનીન (અ.) શામના લશ્કરની સામેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે કેટલાક અસ્હાબે અરજ કરી કે, "યા અમીરલ મોમિનીન! વલીદ ઈબ્ને ઉકબા અને મુઆવિયાના થોડાક અસ્હાબ આપને બુરું–ભલું કહીને યાદ કરી રહ્યા છે." તો આપ (અ.)એ ફરમાવ્યું,)

તેમની સામે જંગ કરો, પણ પૂરા સુકૂન, સંયમ, નેક લોકોની ગરિમા અને ઈસ્લામની માનમર્યાદા સાથે. અલ્લાહની કસમ કે તે કોમ અલ્લાહના મામલામાં જિહાલતથી સૌથી વધારે નજીક છે. આ એ કોમ છે કે જેના આગેવાન અને માર્ગદર્શક મુઆવિયા, નાબિગાનો બેટો, અબુલ અઅવર અસ્સુલમી અને ઈબ્ને અબી મુઐત છે કે જે શરાબખોર છે, અને જેના પર ઈસ્લામમાં હદ જારી કરવામાં આવી હતી. તેઓ પહેલા છે કે જેમણે બળવો કર્યો, અને મારાથી જુદા થઈ ગયા, અને મને બુરું–ભલું કહ્યું. આના પહેલાં આ લોકોએ ન તો મારી સાથે જંગ કર્યો હતો, કે ન તો અનુચિત શબ્દો મારી વિરુદ્ધ કાઢ્યા હતા. હું તેમને ઈસ્લામ તરફ દાવત આપતો રહ્યો, અને તેઓ મને બુતોની ઈબાદત માટે બોલાવી રહ્યા. તેથી અલ્લાહનો શુક્ર છે, અને કોઈ ઈલાહી નથી સિવાય અલ્લાહના. ખરેખર, આ જ મોટી મુશ્કેલી છે કે જે દુષ્ટ લોકો અમારી નજરમાં ધિક્કારને પાત્ર હતા, અને જેમનાથી ઈસ્લામ અને મુસલમાનોને ખતરો હતો, આજે એ જ લોકોએ આ ઉમ્મતના મોટા ભાગને છેતરી દીધો છે. તેમણે લોકોનાં દિલોમાં ફિત્ના અને વિખવાદની ભાવના ભરી દીધી છે અને જૂઠાણા અને ખોટા આરોપનો મારો ચલાવીને તેમની ઈચ્છાઓને પોતાની તરફ વાળી લીધી છે. તેમણે અમારી વિરુદ્ધ યુદ્ધ છેડ્યું છે, અને તેઓ અલ્લાહના નૂરને ઓલવી દેવા મથી રહ્યા છે, પણ,

"અલ્લાહ પોતાના નૂરને પૂર્ણ કરીને જ રહેશે, ભલે ને કાફિરોને તે પસંદ ન હોય."

યા અલ્લાહ! આ લોકોએ સત્યને નકારી દીધું છે, તો તું તેમના સમૂહને વેરવિખેર કરી દે, તેમની એકતાને તોડી નાખ, અને તેમની બદીઓને કારણે તેમને નષ્ટ કરી દે. બેશક, જેની તું સહાય કરે છે તેને કોઈ અપમાનિત કરી શકતું નથી, અને જેની સાથે તું દુશ્મની કરે તેને કોઈ સન્માનિત કરી શકતું નથી.

## સવાલો અને જવાબો

**એક યહૂદીના સવાલો:**

કિતાબ મનાકિબમાં અબૂ તુફૈલ આમર ઈબ્ને વાસેલાથી રિવાયત છે કે, મદીનાના એક યહૂદીએ હઝરત અમીરુલ મોમિનીન (અ.)ની ખિદમતમાં હાજર થઈને અરજ કરી કે, "હું આપને ત્રણ, ત્રણ અને એક સવાલ કરવા ઈચ્છું છું." આપ (અ.) એ કહ્યું, "સાત કેમ ન કહ્યું?" (તેણે) અરજ કરી કે, "જો આપે ત્રણ સવાલોના ઠીક ઠીક જવાબો આપ્યા, તો વધુ ત્રણ સવાલ કરીશ, અને ત્રણના પણ ઠીક જવાબ આપ્યા, તો છેવટે એક સવાલ કરીશ." આપ (અ.)એ ફરમાવ્યું, "મારા જવાબોના સાચા હોવાનું તું સમર્થન કેવી રીતે કરીશ?" યહૂદીએ પોતાના (પહેરણની) બાંયમાંથી એક નાનકડી જૂની કિતાબ બહાર કાઢી અને કહ્યું કે, "આ કિતાબને મેં મારા બાપદાદાઓ પાસેથી વારસામાં મેળવી છે. આ કિતાબને મૂસા ઈબ્ને ઈમરાન (અ.)એ લખાવી હતી, અને અમારા જદ્દે આલા હઝરત હારૂન (અ.) ના હાથની લખેલી છે કે જેમાં એ તમામ મસઅલા લખેલા છે કે જે હું આપને પૂછવા ઈચ્છું છું." આપ (અ.)એ પૂછ્યું કે, "જો હું આ સવાલના ઠીક ઠીક જવાબો આપું, તો શું તું મુસલમાન બની જઈશ?" તેણે જવાબ આપ્યો કે, "ખુદાની કસમ, જો આપે સાચા જવાબો આપ્યા, તો હું આ વખતે જ આપના હાથ પર ઈસ્લામ કબૂલ કરી લઈશ."

આપ (અ.)એ ફરમાવ્યું કે, "સારું, જે ઈચ્છતો હોય તે સવાલ કર."

**યહૂદી:** એ પહેલો પત્થર કયો છે કે જે આસમાનથી જમીન પર નાઝિલ થયો?

**હઝરત અલી (અ.):** યહૂદીઓનું ગુમાન છે કે એ બૈતુલ મુકદ્દસનો પત્થર છે, પરંતુ એ ખોટું છે. પહેલો પત્થર તો હજરે અસ્વદ છે કે જે હઝરત આદમ (અ.)ની સાથે બેહિશ્તમાંથી જમીન પર નાઝિલ કરવામાં આવ્યો હતો, અને રુકનના મકામ પર રાખવામાં આવ્યો કે જે આજ સુધી બૈતુલ હરામમાં છે.

**યહૂદી:** એ ઝરણું કયું છે કે જે સૌથી પહેલાં જમીન પર વહેતું થયું હતું?

**હઝરત અલી (અ.):** તમારા અકીદામાં પહેલું ઝરણું એ છે કે જે બૈતુલ મુકદ્દસના પત્થરની નીચેથી વહેતું થયું હતું, પરંતુ એ ખોટું છે. પહેલું ઝરણું ચશ્મએ હયાત છે કે જેના પર હઝરત મૂસા

(અ.), હઝરત ખિઝર (અ.), યૂશઅ ઈબ્ને નૂન અને ઝુલ્કરનૈન ગયા હતા, અને જેમાં માછલી પડીને જીવતી થઈ ગઈ હતી.

**યહૂદી:** આપે સાચું ફરમાવ્યું. સારું, હવે બતાવો કે એ કયું ઝાડ છે કે જે જમીન પર સૌથી પહેલાં પેદા થયું હતું?

**હઝરત અલી (અ.):** તમે લોકો કહો છો કે પહેલું ઝાડ ઝૈતૂન છે, પરંતુ એ ખોટું છે. એ અજવા ખજૂરનું ઝાડ છે કે જેને હઝરત આદમ (અ.) પોતાની સાથે બેહિશ્તમાંથી લાવ્યા હતા.

**યહૂદી:** આપે સાચું ફરમાવ્યું. હવે બીજા ત્રણ સવાલ કરું છું. ખાતમુલ અંબિયા (સ.) પછી કેટલા ઈમામો થશે?

**હઝરત અલી (અ.):** ખાતમુલ અંબિયા (સ.) પછી બાર ઈમામો થશે કે જે કોઈ જાલિમના જુલ્મથી અને કોઈ વિરોધીના વિરોધથી કદી તંગ નહીં થાય.

**યહૂદી:** ખાતમુલ અંબિયા (સ.) કયા બેહિશ્તમાં રહેશે?

**હઝરત અલી (અ.):** રસૂલે અકરમ (સ.) બેહિશ્તે અદનમાં રહેશે. આ જન્નતની વચ્ચેનું બેહિશ્ત છે. ખૂબ જ ઊંચી જગ્યા હશે અને અર્શથી ખૂબ નજીક હશે.

**યહૂદી:** એ મંઝિલમાં આપ (સ.)ની સાથે બીજા કોણ હશે?

**હઝરત અલી (અ.):** રિસાલત મઆબ (સ.)ની સાથે એ મંઝિલમાં જ બાર ઈમામો હશે. તેમાંનો પહેલો હું છું અને આખરી ઈમામ મહદી (અ.) હશે.

**યહૂદી:** ખુદાની કસમ, કિતાબે હારૂનમાં આવું જ લખ્યું છે. હવે, એ બતાવો કે પોતાના નબી (સ.) પછી આપ કેટલા સમય સુધી જીવતા રહેશો? અને આપનું મોત કેવી રીતે થશે?

**હઝરત અલી (અ.):** હું નબી (સ.) પછી ૩૦ વર્ષ જીવતો રહીશ અને તલવારના જખ્મથી શહીદ થઈશ. મારો કાતિલ સાલેહ (અ.)ની ઊંટડીના પગ કાપવાવાળા કરતાંય બદતર હશે.

યહૂદી રડવા લાગ્યો અને ઈસ્લામ કબૂલ કરતાં કરતાં કહ્યું:

اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًا رَّسُوْلُ اللّٰهِ

وَاَشْهَدُ اَنَّكَ وَصِيُّ رَسُوْلِ اللّٰهِ

(કિતાબ અલ–એહતિજાજ, જિલ્દ–૧; નયાબેઉલ મવદ્દત, બાબ–૭૬; કૌકબે દુર્રી)

*હઝરત ઈમામ અલી (અ.)એ ફરમાવ્યું છે કે, "વાણી દવા સમાન છે, એ ઓછી હોય તો ફાયદો પહોંચાડે છે, અને વધુ હોય તો મારી નાખે છે."*

*હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું છે કે, "તે અમારામાંથી નથી કે જે પોતાની આખેરત માટે પોતાની દુનિયાને છોડી દે, અથવા તો પોતાની દુનિયા માટે પોતાની આખેરતને છોડી દે."[1]*

1 મતાઉસ્સકલૈન લિ - મુજાહિદહુસૈન, ભાગ–૨, સફહા–૨૨,૨૩


EVOLVING SPACES
YASAAR
DESIGN STUDIO
CREATIVE DESIGN
SOLUTION IN
ARCHITECTURE / INTERIOR DESIGN
AR. ABIDALI M NANDOLIYA
MO.: +91 8128 846 005
SERVICES WE PROVIDE:
INSTITUTIONAL / HOTELS | RESIDENTIALS
COMMERCIALS | RECREATIONAL PROJECTS
SHOP NO: F7, PARMUKH PALAZA 2,
TAVADIYA SQUARE,
OPP. SIDDHARTH HOTEL,
SIDDHPUR, GUJARAT 38415.
SINCE - 2014
ER. TALIBALI M NANDOLIYA
MO.: 9978982412
AL GHADEER CONSTRUCTION
BUILD YOUR DREAM PROJECT WITH US
KAKOSHI
10 YEARS
OF EXPERIENCE
with 500000+ Sq. Ft. Done
HAIDERPURA, MASJID
COMMERCIAL
SPECIALIZED IN THE CONSTRUCTION OF
CHALLENGING WORK
SERVICES:
STRUCTURAL CONSULTANT
CONSULTING ENGINEER
WITH MATERIAL PROJECT
LABOR CONTRACT
ALL SERVICES RELATED TO R.C.C ,
AND CONSTRUCTION
BAUG-E-ZAHRA, KAKOSHI
OUR BRANDS
YASAAR
BUILD CON
AL GHADEER
CONSTRUCTION
YASAAR DESIGN
STUDIO



હઝરત પીર મશાયખ (રહ.) કૃત...

# મશાયખવાણી

**મક્તૂલનામા**

**● સત ગોર પીર મશાયખ વાચા ●**

**બયાન નં.૨૭૨**

**અહલેબૈતને રધન, તબ બોત રે કિતા,**
**એ બયા કેરા અફસોસ, બોત મન રે દિતા.**

*ત્યારે અહલેબૈત (અ.)એ ઘણું જ રુદન કર્યું, અને આ શાદીનો પણ દિલમાં ઘણો જ અફસોસ કર્યો.*

**યું ગુરબત સેતી, નેનું ભરીયા પાની,**
**બોત દરદ લગાયા, બાત સહી રે જાની.**

*આવી રીતે પરદેશમાં હોવાથી આંખોમાં આંસુ આવી ગયાં, અને તેમના દિલને ખૂબ જ દુઃખ લાગ્યું, તે સાચું જાણો.*

**એતે દુશ્મનું અવાજ, રણસું કરાએ,**
**તબ કાસિમ તો રજા માંગ, જંગ માંહેં આએ.**

*એટલામાં દુશ્મનો રણમેદાનમાંથી અવાજ કરવા લાગ્યા, ત્યારે જનાબે કાસિમ (અ.) રજા લઈને લડાઈ કરવા આવ્યા.*

**અને શાયરી કરને, બેતાં રે પઢાઈ,**
**સો ફિરાકકે બયાન, સેતી રે સુણાઈ.**

*અને શાયરીના રૂપમાં રજઝ પઢવા લાગ્યા કે જેમાં વિયોગના શબ્દો હતા, એવું સાંભળવા મળ્યું છે.*

**તબ ઉચા કર ઘોડા, ડાલા રણકે માંહાં,**
**તબ દુશ્મન અમાન, પાએ રે નાંહાં.**

*પછી ઘોડાને કૂદાવીને રણમેદાનમાં નાખ્યો, ત્યારે દુશ્મનોને શાંતિ ન મળી.*

**કહીં સર તો તનથી, જુદે રે કિતે,**
**કહીં દુશ્મન લેકર, ધૂલ માંહેં દિતે.**

*કેટલાય દુશ્મનોનાં માથાં શરીરથી જુદાં કરી નાખ્યાં, અને કેટલાય દુશ્મનોને માટી ભેગા કરી નાખ્યા.*

**એતા જંગ કર ફિર કર, આવ લિયા રે મેદાના,**
**અનું મુબારિઝ તલબ, કિયા રે જાના.**

*આટલો જંગ કરીને ફરીથી રણમેદાનમાં ઊભા રહ્યા, અને લડવૈયાની માગણી કરવા લાગ્યા.*

**તબ કોઈ તો અનુંકિ, ના આયા રે સામી,**
**કે મુબારિઝ હોકર, કોઈ હુવા ના નામી.**

*ત્યારે કોઈ (દુશ્મન) તેમની સામે મશહૂર લડવૈયો થઈને ન આવ્યો.*

**તબ કાસિમ તો ઘોડેકું, ચલાકર આએ,**
**આએ બરાબર સા'દકે, બેટેકું સુણાએ.**

*ત્યારે જનાબે કાસિમ (અ.) ઘોડાને દોડાવીને સા'દના બેટા ઉમરની બરાબર સામે આવ્યા.*

**કહ્યા ઉમર તું ઘોડેકું, હેં પાણી રે દિતા,**
**તબ હાં કહ્યા સા'દકે, બેટેને સુણિતા.**

*કહ્યું કે, અય ઉમર! શું તું તારા ઘોડાઓને પાણી પિવડાવે છે? ત્યારે સા'દના બેટાએ હકારમાં જવાબ આપ્યો, એવું સાંભળ્યું છે.*

**તબ વાય કહ્યા સા'દકે, બેટે તુજે તંના,**
**તું હેં ઘોડેકું પાણી, દેતા રાત ઓર દંના.**

*ત્યારે જનાબે કાસિમ (અ.) એ કહ્યું કે, અય સા'દના બેટા! તારા ઉપર અફસોસ થાય, તું ઘોડાઓને રાત અને દિવસ પાણી પિવડાવે છે,*

**એ મુસલમાની કેરા, હેં દાવા રે કરાતા,**
**અને ફરઝંદ નબીકિ, હેં પ્યાસે રે રખાતા.**

*અને તું મુસલમાન હોવાનો દાવો પણ કરે છે અને નબી સાહેબના ફરઝંદોને તરસ્યા રાખે છે?*

**રેતૂહી**

**કાસિમને બેટે સા'દકું,**
**મહેણા દિયા આવ રે, મહેણા દિયા આવ;**
**એ તો સૈયદકા હેં જીવ,**
**કહ્યા તું કર ચાવ રે, કહ્યા તું કર ચાવ.**

*જનાબે કાસિમ (અ.)એ સા'દના બેટા ઉમરને આવીને મહેણું માર્યું કે આ તો સૈયદનો જીવ છે. તું તેમને પાણી આપવાની ઈચ્છા કર.*

### બયાન નં.૨૭૩

**ભાષા - બરહા**

**કાસિમ નિકાહ બાંધકર, આએ તો રણકે ઠામ રે,**
**તનકું તો યું ફના કિયા, મન કિયા લે જંગકા કામ રે.**

*જનાબે કાસિમ (અ.) શાદી કરીને રણમેદાનમાં આવ્યા, અને આવી રીતે વિચાર કર્યો કે જંગ કરીને મારા શરીરને કુરબાન કરું.*

**ખૂબીથી અદકી બૂઝતે, દુનિયા ના ધરતે મન રે,**
**ગુલસે ફરઝંદ નબીકિ, ફના કિયા આવ તન રે.**

*નબી સાહેબના ફૂલ જેવા ફરઝંદોએ રણમાં આવીને પોતાના શરીરને કુરબાન કર્યાં, કેમ કે તેઓ (શહાદતની) ખૂબીને વધારે જાણતા હતા, અને દિલમાં દુનિયાની મોહબ્બત રાખતા ન હતા.*

**લિતે તરસકે ઝબાં સૂકતી, તન પાવે દુઃખ રે,**
**એસે તો આવ ઘેરે પડે, દિયા ના દિલકું સુખ રે.**

*તરસના લીધે જીભ સૂકાઈ જતી હતી, અને તેના કારણે શરીરને દુઃખ થતું હતું. આવી રીતે (નબી સાહેબના ફરઝંદો) દુશ્મનોના ઘેરામાં ફસાઈ*

*ગયા કે જેથી દિલને શાંતિ ન મળી.*

**સા'દકે તો બેટેકું કહ્યા, તરસે હેં નાને બાલ રે,**
**ધસ કર ઘોડા ચલાયકર, પ્યાસે આએ જિસ હાલ રે.**

*જનાબે કાસિમ (અ.) એકાએક ઘોડો દોડાવીને તરસ્યા જ જ્યારે સા'દના બેટાની પાસે આવ્યા, ત્યારે કહ્યું કે ખૈમામાં નાનાં નાનાં બાળકો તરસ્યાં છે.*

**અહલેબૈત તરસે ટલવલે, સુનો સુનો તું બાત રે,**
**ફરઝંદ રણમાં નબીકિ, તરસે રહે સબ ઝાત રે.**

*(અય ઉમર સા'દ!) તું મારી વાત સાંભળ કે અહલેબૈત (અ.) તરસના કારણે વળખાં મારી રહ્યાં છે, અને નબી સાહેબના બધા જ ફરઝંદો રણમેદાનમાં તરસ્યા જ છે.*

**સુન સુન બેટે સા'દકે, આવે કયામત દન રે,**
**મુંહ હેં દેખાના નબીકું, સુન રાખને એ મન રે.**

*સાંભળ, અય સા'દના બેટા! જ્યારે કયામતનો દિવસ આવશે ત્યારે નબી સાહેબને મોઢું બતાવવાનું છે, આ સાંભળીને તું તારા દિલમાં યાદ રાખ.*

**શરમાવશે તું દેખતે, સુન સુન એ સહી બાત રે,**
**તરસે રહે રણમાં સહી, નબીકિ ફરઝંદ ઝાત રે.**

*સાંભળ, આ સાચી વાત છે કે નબી સાહેબને જોઈને તું શરમિંદો થઈશ, કારણ કે તેમના બધા જ બેટાઓને તેં રણમેદાનમાં તરસ્યા રાખ્યા છે.*

**કાસિમ હોઠ જ સૂકતે, એતને તો કહે બેન રે,**
**અહલેબૈત ઝૂરે આંસુઉં, દેખ દેખ કાસિમકું નેન રે.**


*જનાબે કાસિમ (અ.)એ એટલા બધા શબ્દો કહ્યા કે તેમના હોઠ સૂકાઈ ગયા, અને જનાબે કાસિમ (અ.)ને જોઈને અહલેબૈત (અ.) જુદાઈનાં આંસુ સારવા લાગ્યાં.*

**કહ્યા ઈલાહી તું સહી, ચાહતા કરે રહેમાન રે,**
**તરસકે લિતે બાલે જે, હુએ થે સબ આધાન રે.**

*તરસના લીધે બધાં જ નાનાં નાનાં બાળકો બેહોશ થઈ ગયાં હતાં, ત્યારે કહ્યું કે, અય અલ્લાહ! તું સાચો છે, અને મહેરબાન છે, જે ઈચ્છે તે કરે છે.*

*હઝરત ઈમામ રઝા (અ.)એ ફરમાવ્યું છે કે, "જાણી લો કે માણસનું શરીર પાક જમીન જેવું છે, કે જે લીલોતરી માટે હોય છે. જો તેની અંદર સંતુલન જાળવવામાં આવે, અને તેને યોગ્ય પ્રમાણમાં પાણી પીવડાવવામાં આવે — એટલું બધું પણ નહીં કે જમીન ડૂબી જાય, કે ન એટલું ઓછું કે જમીન તરસી રહે — તો આ જમીન લીલી થઈ જશે, અને પુષ્કળ ફસલ આપશે, પરંતુ જો તેનું ધ્યાન રાખવામાં ગફલત વર્તવામાં આવે, તો જમીન બરબાદ થઈ જશે. માણસનું શરીર પણ આવું જ છે, જો તેના ખાવાપીવાનું ધ્યાન રાખવામાં આવે, તો શરીર સલામત રહેશે, અને તેને નેઅમત અને સલામતી મળી રહેશે."[1]*

1 મતાઉસ્સકલૈન લિ - મુજાહિદહુસૈન, ભાગ–૨, સફહા–૨૩


AHAD™
SOLARTECH
સોલાર અપનાવીએ,
વિજબીલ બચાવીએ.
₹ 3000/- ના સરળ હપ્તે
મેળવો ₹ 78,000/- સબસિડી
શુન્ય ડાઉન પેમેન્ટ
5 વર્ષનો અનુભવ
5 STARS Rating on Google
અનુભવ
2,200+ ગ્રાહકો
5+ વર્ષ અનુભવ
3+ રાજ્યોમાં કરેલા કામ
2,600+ આજ સુધી કરેલા પ્રોજેક્ટ
25,000+ આજ સુધી લગાવેલા કિલોવોટ
+91 84011 03129 | +91 97234 59440
અહદ સોલારટેક, બી-103, શાંતમ-7, આર.ટી.ઓ. સર્કલ પાસે, હિંમતનગર, સાબરકાંઠા, ગુજરાત - 383001

# میر انیس مرثیہ

# મીર અનીસના મરસિયા



મરસિયા–૧૮ (ગતાંકનું ચાલુ) مرثیہ-۱۸

**હરમે પાકનું અસીર બનીને શામમાં જવું દરબારે યઝીદમાં હઝરત બીબી ઝૈનબ (અ.)નો ખુત્બો**

**حرمِ پاک کا اسیر ہو کے شام میں جانا دربارِ یزید میں حضرت بی بی زینبؑ کا خطبہ**

૩૬

یہ ستم بھائی پہ کن آنکھوں سے دیکھے ہمشیر
ارے ظالم سرِ بے تن کی بھلا کیا تقصیر
یہ چھڑی ہائے غضب اور لبِ پاک شبیرؑ
نہ ستا مجھ کو میں ہوں بنتِ شۂ خیبر گیر
ان کھلے بالوں کو اب ہاتھوں پہ دھرتی ہوں میں
لے شکایت تری اللہ سے کرتی ہوں میں

(ભાઈ ઉપર આવો જુલ્મ બહેન કઈ આંખોથી જુએ? અય જાલિમ! તન વગરના સરનો વળી શું વાંક? હાય કેવો ગજબ! તારી આ છડી અને હઝરત શબ્બીર (અ.)ના પાક હોઠ! મને પરેશાન ન કર, હું શાહે ખૈબરગીરની બેટી છું. આ ખુલ્લા વાળોને હું હાથ ઉપર રાખું છું. લે હવે અલ્લાહથી તારી શિકાયત કરું છું.")

૩૭

کہہ کے یہ غیظ میں آئی جو علیؑ کی جائی
آسماں آ گئے جنبش میں زمیں تھرّائی
سرِ شبیرؑ سے ناگاہ صدا یہ آئی
تھام لے غیظ کو زینبؑ ترے صدقے بھائی
نہ تلاطم میں کہیں قہر الٰہی آ جائے
کہیں امت کی نہ کشتی پہ تباہی آ جائے

(આટલું કહીને જેવાં અલી (અ.)નાં બેટી ગુસ્સામાં આવ્યાં, કે તરત જ આસમાન લરજવા લાગ્યાં ને જમીન ધ્રૂજવા લાગી. હઝરત શબ્બીર (અ.)ના સર મુબારકમાંથી એકાએક અવાજ આવ્યો કે, "તમારો ભાઈ તમારા ઉપર કુરબાન થાય, અય ઝૈનબ! ગુસ્સાને રોકી લો. કયાંક અલ્લાહનો કહેર જોશમાં ન આવી જાય. કયાંક ઉમ્મતની કશ્તી પર તબાહી ન આવી જાય.)

۳۸

تم تو آگاہ ہو شبیرؑ نے جو دکھ پائے
پر نہیں حرف شکایت کا زباں پر لائے
سر کو نیوڑا لیا جب ذبح کو قاتل آئے
ہم نے امّت کے لیے چھاتی پہ نیزے کھائے
اتنی سی بات پہ مصروفِ بکا ہوتی ہو
تم چھڑی ہونٹوں پہ دھرنے سے خفا ہوتی ہو

(તમને તો ખબર જ છે કે શબ્બીરિ કેવાં કેવાં દુ:ખ સહન કર્યાં છે, તેમ છતાં ફરિયાદનો એક શબ્દ પણ ઝબાન ઉપર ઉચ્ચાર્યો નથી. જ્યારે કાતિલો મને ઝુબ્હ કરવા આવ્યા તો મેં મારું સર તેમની સામે ધરી દીધું. મેં ઉમ્મત ખાતર છાતી પર નેઝા ખાધા છે. અને તમે આટલી નાનકડી વાત ઉપર ફરિયાદ કરવા લાગ્યાં છો! માત્ર હોઠ પર છડી રાખવાથી તમે નારાજ થાઓ છો!)

۳۹

برچھیاں کھانے سے کیااس میں کچھ ایذا ہے بڑی
چپ رہے تن پہ جو تلوار پہ تلوار پڑی
جانے دو رکھی تو رکھی مرے ہونٹوں پہ چھڑی
اے بہن یہ بھی گزر جائے گی آفت کی گھڑی
چپ ہیں جو ہم پہ ستم راہِ رضا میں ہوگا
اس کا انصاف تو دربارِ خدا میں ہوگا

(બરછીઓ ખાવા કરતાં આમાં શું કોઈ મોટી ઈજા છે? તન પર તલવાર પર તલવાર પડી તોય હું ચૂપ રહ્યો. જવા દો, તેણે મારા હોઠો ઉપર છડી રાખી તો ભલે રાખી. અય બહેન! આ આફતની ઘડી પણ વીતી જશે. અલ્લાહની રઝાની રાહમાં જે પણ સિતમ મારા પર થશે તો તેની સામે હું ચૂપ છું. આનો ઈન્સાફ તો હવે અલ્લાહની બારગાહમાં થશે.")


۴۰

سرِ شبیرؑ نے زینبؑ سے جو یہ کی تقریر
آ کے غصے میں لگا کانپنے حاکم بے پیر
شمر سے بولا کہ بس اس کی یہی ہے تعزیر
سب کو لے جا کے تو کر سخت خرابے میں اسیر
بس انیسؔ اب جگر و قلب پھُنکا جاتا ہے
حال زنداں کا نہیں منہ سے کہا جاتا ہے

(હઝરત ઈમામ હુસૈન (અ.)ના સર મુબારકે જ્યારે હઝરત બીબી ઝૈનબ (અ.)થી આવા શબ્દો કહ્યા, તો બેપીર હાકિમ (યઝીદ) ગુસ્સામાં આવીને ધ્રૂજવા લાગ્યો, અને શિમ્રને કહ્યું કે, "બસ, આની સજા એ છે કે બધાંને લઈ જઈને સખ્ત ખરાબામાં કેદ કરી દે." બસ 'અનીસ' હવે કલેજું અને દિલ બળી રહ્યું છે. મોઢેથી કેદખાનાનો હાલ કહી શકાતો નથી.)

# ગડમથલ

**૩૯૦** **સંપાદન:** જાફરી આવાઝ (કાર્યાલય)



## આડી ચાવીઓ

(૧) સીમા, સરહદ, સીમાડો (૪)

(૪) ઉછેર, પાલનપોષણ, સહાયતા (૫)

(૭) ધર્મનિષ્ઠ, ધાર્મિક વૃત્તિવાળું (૪)

(૯) પ્રતિષ્ઠિત, સન્માનિત, પવિત્ર (૩)

(૧૧) એક જન્નતનું નામ (૨)

(૧૨) વીજળીનો કડાકો, મેઘગર્જના (૩)

(૧૩) ન્યાયની માંગણી, પ્રશંસા (૨)

(૧૫) કા'બામાં મૂકેલ એક બુતનું નામ (૨)

(૨૦) તિરસ્કૃત, તરછોડાયેલું, અપમાનિત (૩)

(૨૨) ભેજ, ભીનાશ, પાણીનું સ્થાન (૨)

(૨૩) દ્વેષ, ખાર, અંતસ, શત્રુતા (૨)

(૨૬) કૃપાળું, કૃપા દર્શાવનાર (૪)

(૨૮) આળસ, સુસ્તી, બેદરકારી (૪)

(૩૦) રાતા રંગનું, રાતું, પ્યારું (૨)

(૩૧) રાજા માટેનું સંબોધન, હે રાજા! (૨)

(૩૨) વણઝાર, કાફલો, યાત્રીદળ (૩)

(૩૩) છલકાયેલું, છલોછલ, ભરપૂર (૪)

(૩૪) દોરી, દોરડી, બંધન (૩)

## ઊભી ચાવીઓ

(૧) સુરક્ષિત, સ્વસ્થ, ક્ષેમકુશળ (૪)

(૨) લોખંડ, લોઢું, તીક્ષ્ણ હથિયાર (૩)

(૩) ફટાકડો, બંદૂક, તોપ ફૂટવાનો અવાજ (૨)

(૪) ચિંતા, ફિકર, ધ્યાન, ઈચ્છા (૩)

(૫) મંત્રી, રાજાનો મુખ્ય સલાહકાર (૩)

(૬) કુરબાની, સાક્ષી, સાબિતી (૪)

(૮) જમાઈ, દીકરીનો પતિ (૩)

(૧૦) બનેવી, બહેનનો પતિ (૩)

(૧૩) દાનાપણું, ડહાપણ, સમજદારી (૩)

(૧૪) શાંતિ, આરામ, સુખચેન (૩)

(૧૭) શમશેર, તરવાર, ખડગ (૪)

(૧૯) દુઃખ, તકલીફથી ભરપૂર (૫)

(૨૧)દસમા ઈમામ (અ.)નો ઈલ્કાબ (૨)

(૨૪) આકસ્મિક, ગેબી (૪)

(૨૫) કઠોર અવાજ, હાક, પોકાર (૪)

(૨૭) તાજું દોહેલું દૂધ, શામનું એક શહેર (૩)

(૨૯) દયાભાવ, દયા બતાવવાની ક્રિયા (૩)

100%
કુદરતી અને રસાયણ મુક્ત

શુધ્ધતા પણ, સ્વાસ્થ્ય પણ, સ્વાદ પણ...

# એગ્રીનેચર

બંધાણી ફાર્મર્સ એલ.એલ.પી.

"ખેડૂતો દ્વારા ઉત્પાદિત ઘાણીના કોલ્ડ પ્રેસ્ડ તેલ
અને ચક્કીના વિવિધ મસાલા"

## અમારા ત્યાં બનતા ઉત્પાદનો

| ઘાણીના તેલ | મસાલા | | ↓↓↓ |
|---|---|---|---|
| સિંગ તેલ (મગફળીનું તેલ) | પ્રીમિયમ મરચું પાઉડર | રેશમપટ્ટી મરચું પાઉડર | ડીલર |
| સરસવ તેલ, રાયડા તેલ | હોટ તેજા મરચું પાઉડર | પ્રીમિયમ હળદળ પાઉડર | બનવા અને |
| તલ તેલ, કોપરેલ તેલ | પ્રીમિયમ ધાણા જીરું | ધાણા પાઉડર | વ્યાપારિક પૂછપરછ |
| બ્લેન્ડેડ હેર ઓઇલ | સિંધવ નમક | નેચરલ ચા પત્તી | આવકાર્ય |
| બ્લેન્ડેડ મસાજ ઓઇલ | | | |



- ઉત્તર ગુજરાતના દરેક વિસ્તારોમાં ઉપલબ્ધ
- ગુણવત્તાની સંપૂર્ણ ખાતરી
- ભેળસેળ મુક્ત અને કુદરતી પદ્ધતિથી ઉત્પાદન
- અમારી વસ્તુ પસંદ ના આવે તો 100% રીફન્ડ (પરત) આપવામાં આવશે
- મક્તબાહ જાફરીયા ટ્રેડ ફેર, વાઇબ્રન્ટ ગુજરાત સમિટ, સ્ટાર્ટઅપ ગુજરાત સમિટ, WSSRO એક્ઝીબિશનમાં લોકોનો બહોળો પ્રતિસાદ

ગામ : બાદરગઢ, તાલુકો : પાલનપુર - બનાસકાંઠા, ગુજરાત - ૩૮૫૪૧૦

વધુ માહિતી માટે સંપર્ક કરો:
83476 14814

# سیرت ائمہ اہلبیتؑ

# સીરતે અઇમ્માએ અહલેબૈત (અ.)

(જિલ્દ -૧)

ઉર્દૂમાંથી અનુવાદ:
જનાબ સૈયદ વસીહૈદર ઝેડ. જાફરી

અલ્લામા સૈયદ હાશિમ માઅરૂફ હસની

(ગતાંકનું ચાલુ)

**હઝરત અલી (અ.) હુદૈબિયામાં**

ઈબ્ને ઈસ્હાકની રિવાયતમાં છે કે, "કુરૈશે રસૂલે અકરમ (સ.)ને મજબૂર કર્યા કે તેઓ મક્કા જવાવાળો રસ્તો છોડી દે, તેથી એક વ્યક્તિએ આપ (સ.)ની સવારીને મુશ્કેલ રસ્તા તરફ વાળી દીધી. ત્યારે આપ (સ.) ત્યાંથી નીકળીને બીજા છેલ્લા ઠેકાણે એટલે કે હુદૈબિયા પહોંચી ગયા. તે દરમિયાન ખાલિદ ઈબ્ને વલીદનું લશ્કર મુસલમાનો ઉપર ઠેકઠેકાણે હુમલો કરતો રહ્યું, પરંતુ હઝરત અલી (અ.) અને થોડાક બીજા હિંમતવાન મુસલમાનો તેમનો બહાદુરીથી સામનો કરતા રહ્યા, અને તેમના પ્રયત્નોને નિષ્ફળ બનાવતા રહ્યા, એટલે સુધી કે કુરૈશ પાછા મક્કા જતા રહ્યા કે જેથી જો રસૂલે અકરમ (સ.) મક્કામાં દાખલ થવા ઈચ્છે તો રોકથામ કરે, અને તેનું રક્ષણ કરે. જો કે, તે સમય પણ જલ્દીથી આવવાવાળો હતો કે જ્યારે રસૂલે અકરમ (સ.)ને મક્કામાં દાખલ થતાં રોકવાના કુરૈશના દરેક પ્રયત્નો નિષ્ફળ થવાના હતા."

ઈબ્ને ઈસ્હાકે ઈબ્ને અબ્બાસની રિવાયતના આધારે કહ્યું કે, "કુરૈશે પોતાના પચાસ નામચીન બહાદુર માણસોને રસૂલે અકરમ (સ.)ના સહાબીઓની એક જમાઅત ઉપર હુમલો કરવા મોકલ્યા, પરંતુ મુસલમાનોએ તેમની ધરપકડ કરી અને તેમને રસૂલે અકરમ (સ.)ની સેવામાં હાજર કર્યા. આપ (સ.)એ તેમને તરત જ છોડી મૂક્યા."

રસૂલે અકરમ (સ.) મક્કામાં દાખલ થવા માટે આગ્રહ કરતા રહ્યા અને કુરૈશ આપ (સ.)ને રોકવા માટે જીદ કરતા રહ્યા. જ્યારે કુરૈશે જોયું કે જો અમે રસૂલ (સ.)ના સહાબીઓને લડાઈ માટે મજબૂર કરીશું, તો તેઓએ પણ લડવાનો મક્કમ ઈરાદો કરેલ છે અને બધા રસૂલે અકરમ (સ.) ઉપર પોતાના જીવ કુરબાન કરવા માટે તૈયાર છે. ત્યારે તે સમજી ગયા કે રસૂલે અકરમ (સ.) ને ફક્ત તે સમયે જ શહીદ કરી શકાશે કે જ્યારે તેમના બધા સાથીઓને શહીદ કરી દેવામાં આવે અને આ કાર્ય તેમનાથી થઈ શકે તેમ નથી. ખાસ કરીને એટલા માટે કે તેમને એ પણ ખબર પડી ગઈ કે મુસલમાનોએ કુરૈશ સાથેની લડાઈની સ્થિતિમાં રસૂલે અકરમ (સ.) સાથે તે ઘાટીમાં વૃક્ષની નીચે

મોત ઉપર બૈઅત કરી છે. ઈતિહાસકારોની એક જમાઅતનો કોલ છે કે તે બૈઅત તરફ આ આયતમાં ઈશારો છે:

لَقَدْ رَضِيَ اللّٰهُ عَنِ الْمُؤْمِنِيْنَ اِذْ يُبَايِعُوْنَكَ تَحْتَ الشَّجَرَةِ فَعَلِمَ مَا فِيْ قُلُوْبِهِمْ فَاَنْزَلَ السَّكِيْنَةَ عَلَيْهِمْ وَاَثَابَهُمْ فَتْحًا قَرِيْبًا ﴿١٨﴾

*(અલ્લાહ મોમિનોથી રાજી થઈ ગયો હતો જ્યારે કે તેમણે તારી બૈઅત લીધી ઝાડ નીચે, એટલે તે જાણી ગયો કે તેમનાં દિલોમાં શું છે, માટે તેણે તેમના ઉપર સકીના (શાંતિ) નાઝિલ કરી દીધી, અને તેમને સવાબમાં (બદલામાં) નજીકની જીત આપી દીધી.)*

(સૂરા ફત્હ, આયત–૧૮)

રસૂલે અકરમ (સ.) અને તેમના સહાબીઓના તે સખત વલણ ઉપર કુરૈશ ઘણા પરેશાન થયા. છેવટે તેમણે સુહૈલ ઈબ્ને અમ્ર અને બની અબ્દુલ ઉઝ્ઝામાંથી હુવૈતિબને રસૂલે અકરમ (સ.)ની પાસે મોકલ્યા. બન્ને પક્ષે ઘણા પ્રયત્નો થતા રહ્યા, જે દરમિયાન સુહૈલ કુરૈશને પોતાના અને રસૂલે અકરમ (સ.)ની વચ્ચેના પ્રસ્તાવો અને નિર્ણયોથી માહિતગાર કરતો રહેતો અને પછી આપ (સ.)ની તરફ પાછો આવી જતો હતો.


સહીહ તિરમિઝી, કન્ઝુલ ઉમ્માલ, ખસાઈસે નિસાઈ અને તારીખે બગદાદથી જાહેર થાય છે કે, આ મામલો રસૂલે અકરમ (સ.)નું મક્કામાં આ વર્ષે દાખલ થવા પૂરતો જ મર્યાદિત નહોતો રહ્યો, પરંતુ મુસલમાનોના ફાયદા માટે બીજા મામલાઓમાં પણ આપ (સ.)એ કરાર કર્યો હતો. તેવી જ રીતે કુરૈશે પણ પોતાના ફાયદા માટે માંગણીઓ મૂકી. સહીહ તિરમિઝીમાં રબ્ઈ ઈબ્ને ખિરાશથી રિવાયત છે કે હઝરત અલી (અ.)એ ફરમાવ્યું, “હુદૈબિયાના દિવસે અમારી પાસે થોડા મુશરિકો આવ્યા કે જેમાં સુહૈલ ઈબ્ને ઉમર પણ હતો.”

તે લોકોએ કહ્યું, “અય મોહંમદ! આપની તરફ અમારા થોડાક બેટાઓ, ભાઈઓ, અને ગુલામો આવી ગયા છે કે જેમને દીનની કોઈ સમજણ નથી, પરંતુ તેઓ અમારા માલનું નુકસાન કરીને ભાગી આવ્યા છે. આપ તેમને અમને સોંપી દો.” તેથી રસૂલે અકરમ (સ.)એ ફરમાવ્યું, “તમે કહો છો કે તેમને દીનની સમજણ નથી, તો અમે તેમને તેની સમજ આપી દઈશું” અને ફરમાવ્યું, “અય કુરૈશના જૂથ! તમે રોકાઈ જાઓ, નહીંતર અલ્લાહ તમારા ઉપર એવી વ્યક્તિને મોકલશે કે જે તમારી ગરદનો ઉડાવી દેશે. અલ્લાહે તેના દિલની ઈમાનની બાબતમાં કસોટી કરી લીધી છે.” ત્યારે અબૂ બક્ર, ઉમર અને મુશરિકોએ રસૂલે અકરમ (સ.)ને પૂછ્યું, “યા રસૂલલ્લાહ! આ વ્યક્તિ કોણ છે?” આપ (સ.)એ ફરમાવ્યું, “તે કે જે જૂતાંને સાંધી રહ્યા છે.” તે સમયે આપ (સ.)એ પોતાનાં જૂતાં હઝરત અલી (અ.)ને સાંધવા માટે આપેલાં હતાં, આ રિવાયતને નિસાઈએ ખસાઈસમાં અને હાકિમે મુસ્તદ્રકમાં પોતાની સનદથી જણાવી છે. અલબત્ત નિસાઈ અને હાકિમની રિવાયત એવું

જણાવે છે કે, જ્યારે મુશરિકોએ તેમના તે બેટાઓ અને ગુલામોને પરત કરવાની માંગ કરી કે જે આપ (સ.)ની તરફ નાસી આવ્યા હતા, તો રસૂલે અકરમ (સ.)એ અબૂ બક્ર અને ઉમરની તરફ જોઈને પૂછ્યું કે, "તમે બન્ને શું કહો છો?" તો તેઓએ કહ્યું કે, "આ માણસ (સુહૈલ ઈબ્ને અમ્ર) બરાબર જ કહે છે." આ જોઈને રસૂલે અકરમ (સ.)ના ચહેરાનો રંગ બદલાઈ ગયો. આપ (સ.)એ પ્રતિનિધિમંડળની તરફ જોઈને ફરમાવ્યું, "અય કુરૈશના જૂથ! તમે ક્યારેય પણ રોકાવાના નથી એટલે સુધી કે અલ્લાહ તમારા ઉપર એક એવી વ્યક્તિને મોકલશે કે જેની તેણે ઈમાનની બાબતમાં કસોટી કરી લીધી છે. તે તમારી ગરદનો ઉડાવી દેશે." તેથી અબૂ બક્રે કહ્યું કે, "યા રસૂલલ્લાહ (સ.) તે વ્યક્તિ હું છું?" અને ઉમર બોલ્યા કે, "યા રસૂલલ્લાહ (સ.) તે વ્યક્તિ હું છું?". પરંતુ રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું કે, "ના, પરંતુ તે એ છે કે જે જૂતાંને સાંધી રહ્યા છે." ત્યારે તેઓએ પાછળ ફરીને જોયું કે હઝરત અલી (અ.) ના હાથમાં રસૂલલ્લાહ (સ.)નું જૂતું છે અને તેઓ તેને સાંધી રહ્યા છે.

ફિરોઝાબાદી તેમની કિતાબ 'ફઝાઈલુલ ખમ્સા મિન સહીહ સિત્તા'માં કહે છે કે આ વાતચીતને ઘણાખરા ઈતિહાસકારો અને હદીસકારોએ જણાવી છે. તેમનો ઈશારો સુન્ની હદીસોના સંગ્રહની તરફ છે. (ફઝાઈલુલ ખમ્સા, જિલ્દ–૨, સફહા–૩૩૭ અને ૩૩૮) (ક્રમશઃ)




ZAHAB
JEWELLERS
હવે, હિંમતનગરમાં
જ્યાં ભરોસો, ભવ્યતા અને શણગારની દુનિયા
શુભ પ્રસંગ માટે શ્રેષ્ઠ પસંદગી,
સંપૂર્ણ પારદર્શિતા સાથે, કોઈ છૂપા ચાર્જીસ વગર.
Zahab Jewellers
તદ્દન ફ્રી
ટેસ્ટિંગ મશીન વડે ઝવેરાતની ગુણવત્તા ચકાસો
100%
BIS હોલમાર્ક
100%
બાયબેકની ગેરંટી
+91 99254 22977
www.zahabjewellers.com
Shop No. B6-B7-B8 Ground Floor, Shantam-7, Nr. R.T.O. Circle, Himmatnagar,
Sabarkantha, Gujarat-383001

# અલ ઇર્શાદ

લેખક : શેખ મુફીદ ઉર્દૂમાંથી અનુવાદ : જનાબ સૈયદ વસીહૈદર એડ. જાફરી

## હઝરત ઇમામ મૂસા કાઝિમ ઇબ્ને જાફર (અ.)

(ગતાંકનું ચાલુ)

**આપ (અ.)ની ઓલાદની સંખ્યા અને તેમનો ટૂંકમાં પરિચય:**

મોહંમદ ઈબ્ને મૂસા તેમની નેકી અને પ્રામાણિકતા માટે ઘણા પ્રખ્યાત હતા.

અબૂ મોહંમદ હસન ઈબ્ને મોહંમદ યહ્યાએ મને જણાવ્યું કે મારા દાદા યહ્યા ઈબ્ને હસને મને જણાવ્યું હતું: એક સ્ત્રી જેનું નામ હાશમીયા હતું, તે ઈમામ મૂસા કાઝિમ (અ.)ની બેટી રૂકૈયાની ખાદિમા હતી અને તે કહેતી હતી કે,

"મોહંમદ ઈબ્ને મૂસા હંમેશાં વુઝૂમાં રહેતા હતા અને ઈબાદત કરતા રહેતા હતા. રાત્રિ દરમિયાન પણ આપ (અ.) સમયાંતરે વુઝૂ કરતા હતા અને નમાઝે શબ પઢતા હતા. જ્યારે આપ (અ.) વુઝૂ કરતા હતા, તો પાણી પડવાનો અવાજ સંભળાતો હતો. પછી આપ (અ.) રાતનો એક ભાગ ઈબાદતમાં પસાર કરતા હતા. ઈબાદત પછી આપ (અ.) એક કલાક સુધી આરામ કરતા હતા. પછી આપ (અ.) ઊઠતા ને ફરી પાછો વુઝૂનું પાણી પડવાનો અવાજ સંભળાતો. ફરીથી આપ (અ.) રાત્રીની ઈબાદતમાં વ્યસ્ત થઈ જતા હતા અને પછી થોડો સમય આરામ કરતા. આપ (અ.) આમ ફજ્ર સુધી ઈબાદત કરતા હતા. મેં તેમને અલ્લાહના આ શબ્દો ઉચ્ચાર્યા સિવાય ક્યારેય જોયા નથી: "તે લોકો રાત્રે ઘણો ઓછો આરામ કરે છે."" (સૂરા ઝારિયાત, આયત–૧૭)

ઈબ્રાહીમ ઈબ્ને મૂસા બહાદુર અને ભદ્ર માણસ હતા. મામૂન રશીદની ખિલાફતના સમયમાં મોહંમદ ઈબ્ને ઝૈદ ઈબ્ને હુસૈન ઈબ્ને અલી ઈબ્ને અબી તાલિબ (અ.) તરફથી તેમને યમનના ગવર્નર નીમવામાં આવ્યા હતા. ઈબ્રાહીમ ત્યાં ગયા અને વિજય મેળવ્યો અને તે સમય સુધી ત્યાં રહ્યા, જ્યાં સુધી અબૂ સરાયાનો અસ્ત ન થયો. ત્યાર બાદ મામૂન રશીદે તેમને (ઈબ્રાહીમને) રક્ષણ આપ્યું.

ઈમામ (અ.)નાં બધાં સંતાન નેક હતાં. જો કે, તે બધાંમાંય હઝરત અલી ઈબ્ને મૂસા રઝા (અ.)ના તોલે કોઈ આવી શકે તેમ ન હતું.

## હઝરત અલી ઇબ્ને મૂસા રઝા (અ.)

આ પ્રકરણમાં અબુલ હસન ઈમામ મૂસા કાઝિમ (અ.)ના પછી આપ (અ.)ના જે દીકરા ઈમામ અને ખલીફા થયા, તેમનો ટૂંકમાં અહેવાલ આપવામાં આવ્યો છે. ઈમામ મૂસા કાઝિમ (અ.)ના મોટા ફરઝંદ, તેમના વાલિદના વારસદાર અને ઈમામ બન્યા. આપ (અ.)નું મુબારક નામ અબુલ હસન અલી ઈબ્ને મૂસા રઝા (અ.) હતું. પોતાના ભાઈઓમાં અને કુટુંબમાં આપ (અ.) સૌથી સંપૂર્ણ અને ફાઝિલ, સૌથી મોટા આલિમ, ઘણા પરહેઝગાર, સંયમી, અને ઈબાદતગુઝાર હતા. આપ (અ.)ની ફઝીલતોને સ્વીકારવાવાળા ફક્ત શીઆ લોકો જ ન હતા, પરંતુ સામાન્ય મુસલમાનો પણ આપ (અ.)ને માનભેર જોતા હતા અને આપ (અ.)નાં ઈલ્મ અને ઈબાદતને સ્વીકારતા હતા. જ્યારે આપ (અ.)ના વાલિદે પોતાની ઉંમરના આખરી દિવસોમાં આપ (અ.)ને ઈમામત માટે નિયુકત કર્યા, તો લોકોમાં આપ (અ.)ની કિંમત અને ગૌરવ બમણાં થઈ ગયાં. દરેક માણસને સારી રીતે લાગતું હતું કે આપ (અ.) પોતાના બીજા ભાઈઓમાં અને કુટુંબના લોકોમાં ઈમામતના હોદ્દા માટે સૌથી વધારે લાયક માણસ છે.

આપ (અ.)ની વિલાદત મદીનામાં હિ.સ. ૧૪૮ (ઈ.સ. ૭૬૫)માં થઈ હતી, અને આપ (અ.)ની શહાદત તૂસમાં (કે જે ખુરાસાનની પાસેની એક જગ્યા છે ત્યાં) સફરના મહીનામાં હિ.સ. ૨૦૩ (ઈ.સ. ૮૧૮)માં થઈ હતી. શહાદતના સમયે આપ (અ.)ની વય ૫૫ વરસની હતી. આપ (અ.) નાં વાલેદાનું નામ ઉમ્મુલ બનીન હતું, કે જેઓ એક કનીઝ હતાં. આપ (અ.)ના વાલિદની શહાદત પછી વીસ વરસ સુધી આપ (અ.)એ ઈમામતની ફરજો અદા કરી હતી.

**ઈમામત માટેની નિમણૂક (નસ્સ)ના અહેવાલો:**

જે મુત્તકી અને વિશ્વસનીય શીઆ ફકીહોએ ઈમામ અલી રઝા (અ.)ની ઈમામતની નિમણૂકને સાબિત કરી છે કે આપ (અ.)ના વાલિદે આપ (અ.)ને જ પોતાના વારસદાર નિમ્યા હતા, તેમનાં નામ આ પ્રમાણે છે:

દાવૂદ ઈબ્ને કસીર અલ–રક્કી, મોહંમદ ઈબ્ને ઈસ્હાક ઈબ્ને અમ્માર, અલી ઈબ્ને યક્તીન, નુએમ અલ–કાબૂસી, અલ–હુસૈન ઈબ્ને અલ–મુખ્તાર, ઝિયાદ ઈબ્ને મરવાન, અલ–મખ્ઝૂમી, દાવૂદ ઈબ્ને સુલૈમાન, નસ્ર ઈબ્ને કાબૂસ, દાવૂદ ઈબ્ને ઝુર્બી, યઝીદ ઈબ્ને સુલૈત અને મોહંમદ ઈબ્ને સિનાન.

અબૂ કાસિમ જાફર ઈબ્ને મોહંમદ ઈબ્ને કૂલૂયાએ મોહંમદ ઈબ્ને યાકૂબના હવાલાથી અને તેમણે અહમદ ઈબ્ને મિહરાનના હવાલાથી અને તેમણે મોહંમદ ઈબ્ને અલીના હવાલાથી અને તેમણે મોહંમદ ઈબ્ને સિનાનના હવાલાથી, તેમણે ઈસ્માઈલ ઈબ્ને ગિયાસ કસરી અને તેમણે દાવૂદ અલ–રક્કીના હવાલાથી જણાવ્યું છે કે,

"મેં (દાવૂદ ઈબ્ને રક્કીએ) અબૂ ઈબ્રાહીમ

(ઈમામ મૂસા કાઝિમ (અ.))ને પૂછ્યું કે હું આપ (અ.) પર કુરબાન થઈ જાઉં, હું ઘણો ઘરડો થઈ ગયો છું, એટલા માટે આપ (અ.) મારો હાથ પકડી લો અને મને જહન્નમની આગથી બચાવી લો, અને મને એ જણાવી દો કે આપના પછી ઈમામ કોણ છે?"

આપ (અ.)એ પોતાના દીકરા અબુલ હસન રઝા (અ.)ની તરફ ઈશારો કરતાં જવાબ આપ્યો, "મારા પછી આ તમારા ઈમામ છે."

અબૂ કાસિમ જાફર ઈબ્ને મોહંમદે, મોહંમદ ઈબ્ને યાકૂબ કુલૈનીના હવાલાથી, તેમણે હુસૈન ઈબ્ને મોહંમદના હવાલાથી, તેમણે મોઅલ્લા ઈબ્ને મોહંમદના હવાલાથી, તેમણે અહમદ ઈબ્ને મોહંમદ ઈબ્ને અબ્દુલ્લાહના હવાલાથી, તેમણે હસનના હવાલાથી, તેમણે ઈબ્ને અબૂ ઉમૈરના હવાલાથી અને તેમણે મોહંમદ ઈબ્ને ઈસ્હાક ઈબ્ને અમ્મારના હવાલાથી જણાવ્યું કે,

"મેં (મોહંમદ ઈબ્ને ઈસ્હાક ઈબ્ને અમ્મારે) અબુલ હસન (ઈમામ મૂસા કાઝિમ (અ.))ને પૂછ્યું કે, મને જણાવો કે દીનની બાબતોમાં કોનાથી માર્ગદર્શન મેળવું?

આપ (અ.)એ જવાબ આપ્યો, "મારા આ દીકરાથી." મારા વાલિદ જ્યારે હયાત હતા, તો તેઓ મારો હાથ પકડીને મને રસૂલલ્લાહ (સ.) ની પાક કબ્ર ઉપર લઈ ગયા હતા. ત્યાં તેમણે મને કહ્યું હતું કે અલ્લાહ તઆલા ઈર્શાદ ફરમાવે છે કે, "મેં તમને મારા ખલીફા બનાવ્યા." (સૂરા બકરા, આયત–૨૩) અને જ્યારે અલ્લાહ કોઈ વસ્તુનો હુકમ કરે છે, તો તે થઈને જ રહે છે."

અબુલ કાસિમ જાફર ઈબ્ને મોહંમદે, મોહંમદ ઈબ્ને યાકૂબના હવાલાથી, તેમણે મોહંમદ ઈબ્ને યહ્યાના હવાલાથી, તેમણે અહમદ ઈબ્ને મોહંમદ ઈબ્ને ઈસાના હવાલાથી, તેમણે હસન ઈબ્ને મહબૂબના હવાલાથી, તેમણે હુસૈન ઈબ્ને નુઐમના હવાલાથી જણાવ્યું કે તેઓ કહેતા હતા કે,

"હું (હુસૈન ઈબ્ને નુઐમ), હિશામ ઈબ્ને હકમ અને અલી ઈબ્ને યક્તીન બગદાદમાં હતા. અલી ઈબ્ને યક્તીને કહ્યું, "હું અબ્દુસ્સાલેહ એટલે ઈમામ મૂસા કાઝિમ (અ.)ની પાસે હતો. તો આપ (અ.)એ મને કહ્યું, "મારો આ દીકરો અલી મારા દીકરાઓમાં આગેવાનીને પાત્ર છે, અને મેં તેને મારો લકબ આપી દીધો." (આ રીતે તે બન્ને ઈમામોના લકબ અબુલ હસન હતા.)

(બીજી રિવાયત આ રીતે છે.) હિશામ તેમની હથેળીથી પોતાના માથાને ઠોકીને બોલ્યા, "શરમ કરો, આ વાતની તમારી પાસે શું સાબિતી છે?"

"અલ્લાહની કસમ, જે કાંઈ મેં (ઈમામથી) સાંભળ્યું હતું, તે જ મેં જણાવ્યું છે." અલી ઈબ્ને યક્તીને જવાબ આપ્યો.

હિશામે જવાબ આપ્યો, "પછી, અલ્લાહની કસમ, તેઓ (ઈમામ રઝા (અ.)) તેમના વાલિદ (ઈમામ મૂસા કાઝિમ (અ.))ના પછી ઈમામ છે."

(ક્રમશઃ)



Trusted Since
2014
MARVEL
JEWELLERS
દરેક પ્રસંગની ઉજવણીને
ભવ્ય બનાવો
નવીન અને આકર્ષક
ડીઝાઈન્સ સાથે
વર્ષોનો વિશ્વાસ
100% BIS હોલમાર્ક
100% બાયબેકની ગેરંટી
મારવેલ જ્વેલર્સની મેનેજમેન્ટની શાખાઓ
મુંબઈ
દુ.નં. 3/એ, હરયુ સિંધ બહાર કો.ઓ. સોસાયટી,
ફીશ માર્કેટની નજીક, બહેરામ બાગ રોડ,
જોગેશ્વરી, મુંબઈ-400102
+91 99205 56429
સિદ્ધપુર
દુ.નં. 38-39, શ્લોક એમ્પાયર,
તાવડીયા ચાર રસ્તા, સિદ્ધપુર-384151
+91 73595 70530
છાપી
દુ.નં. 2, સાગર કોમ્પ્લેક્ષ, પીરોજપુરા રોડ,
છાપી હાઈવે-385210
+91 76988 29593
વદાણી
પ્રોપર્ટી નં. 1/291-292-293, સુપર માર્કેટની
બાજુમાં, વદાણી-મેસર રોડ, લક્ષ્મીપુરા,
જી. પાટણ - 384265
+91 63571 60571
અમદાવાદ
દુ.નં. 26, હિમાલીયા ફલકનુમા, રોયલ અકબર
ટાવરની પાછળ, APMC - સરખેજ રોડ,
જુહાપુરા, અમદાવાદ - 380055
+91 70695 70530
સુરત
HAYATT JEWELLERS
ગ્રાઉન્ડ ફ્લોર, શોપ નં. 1-2-3, બ્લોસમ એવન્યુ,
અડાજણ પાટીયા, સુરત પીન-૩૯૫૦૦૯
+91 87805 30370
www.marveljewellers.com
info@marveljewellers.com

# مصباح الشريعة
# મિસ્બાહુશ્શરીઆ

અનુવાદ: હઝરત અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદ હુસૈન જાફરી (રહ.)

## اَلْبَابُ الثَّانِيْ فِي الْعُبُوْدِيَّةِ

قَالَ الصَّادِقُ عَلَيْهِ السَّلَامُ: اَلْعُبُوْدِيَّةُ جَوْهَرٌ كُنْهُهَا الرُّبُوْبِيَّةُ، فَمَا فُقِدَ مِنَ الْعُبُوْدِيَّةِ وُجِدَ فِي الرُّبُوْبِيَّةِ، وَمَا خَفِيَ عَنِ الرُّبُوْبِيَّةِ اُصِيْبَ فِي الْعُبُوْدِيَّةِ.

## બાબ – ૨: બંદગી

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું છે કે, "બંદગી એક આવડત છે કે જેની વાસ્તવિકતા રુબૂબિય્યત છે, તો જે વસ્તુ બંદગીમાંથી છૂટી થઈ જાય છે, તો તે રુબૂબિય્યતમાં જોવામાં આવે છે, અને જે વસ્તુ રુબૂબિય્યતમાંથી અદૃશ્ય થઈ જાય છે, તો તે બંદગીમાં આવી પડે છે.

قَالَ اللّٰهُ تَعَالٰى: سَنُرِيْهِمْ اٰيٰتِنَا فِي الْاٰفَاقِ وَفِيْٓ اَنْفُسِهِمْ حَتّٰى يَتَبَيَّنَ لَهُمْ اَنَّهُ الْحَقُّ ؕ اَوَلَمْ يَكْفِ بِرَبِّكَ اَنَّهٗ عَلٰى كُلِّ شَيْءٍ شَهِيْدٌ ﴿٥٣﴾ اَيْ مَوْجُوْدٌ فِيْ غَيْبَتِكَ وَفِيْ حَضْرَتِكَ.

અલ્લાહ તઆલા ફરમાવે છે કે, "નજીકમાં જ અમે સઘળી દિશાઓમાં અને તેમના નફસોમાં તેમને અમારી નિશાનીઓ બતાવીશું, એટલે સુધી કે તેમના માટે સ્પષ્ટ થઈ જાય કે તે સત્ય છે. અને શું તમારા માટે આ વાત કાફી નથી કે તમારો રબ દરેક વસ્તુ પર ગવાહ છે?" આનો અર્થ એ કે અલ્લાહ આપની ગૈબતમાં અને આપની હાજરીમાં મોજૂદ છે.

وَتَفْسِيْرُ الْعُبُوْدِيَّةِ بَذْلُ الْكُلِّ، وَسَبَبُ ذٰلِكَ مَنْعُ النَّفْسِ عَمَّا تَهْوٰى، وَحَمْلُهَا عَلٰى مَا تَكْرَهُ، وَمِفْتَاحُ ذٰلِكَ تَرْكُ الرَّاحَةِ وَحُبُّ الْعُزْلَةِ، وَطَرِيْقُهُ الْاِفْتِقَارُ اِلَى اللّٰهِ تَعَالٰى.

બંદગીની તફસીર એ છે કે પૂરેપૂરી રીતે સમર્પિત થવું. આની રીત એ છે કે નફસને તેની ઈચ્છાઓથી રોકવો, અને તેની અણગમતી વસ્તુઓ તેને સોંપવી. અને તેની ચાવી રાહતને છોડવી અને એકાંતને પસંદ કરવું છે, અને તેનો રસ્તો અલ્લાહ

તઆલાના મોહતાજ હોવું છે.

قَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَاٰلِهٖ: اُعْبُدِ اللّٰهَ كَاَنَّكَ تَرَاهُ، فَاِنْ لَّمْ تَكُنْ تَرَاهُ فَاِنَّهٗ يَرَاكَ.

રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું છે કે, "તમે અલ્લાહની એવી રીતે ઈબાદત કરો કે જેવી રીતે તમે તેને જોઈ રહ્યા છો, કારણ કે જો તમે તેને જોઈ ન રહ્યા હોય, તો પણ તે તો તમને જોઈ જ રહ્યો છે."

وَحُرُوْفُ الْعَبْدِ ثَلَاثَةٌ: ع ب د فَالْعَيْنُ عِلْمُهٗ بِاللّٰهِ، وَالْبَآءُ بَوْنُهٗ عَمَّنْ سِوَاهُ، وَالدَّالُ دُنُوُّهٗ مِنَ اللّٰهِ تَعَالٰى بِلَا كَيْفٍ وَّلَا حِجَابٍ، وَّاُصُوْلُ الْمُعَامَلَاتِ تَقَعُ عَلٰٓى اَرْبَعَةِ اَوْجُهٍ كَمَا ذُكِرَ فِيْٓ اَوَّلِ الْبَابِ الْاَوَّلِ.

اَلْعَبْدُ –ના ત્રણ અક્ષર છે: ب, ع અને د. તો ع એટલે કે બંદાનું અલ્લાહને ઓળખવું, ب એટલે કે બંદાનું અલ્લાહ સિવાય જે પણ હોય તેનાથી દૂર થવું, અને د એટલે કે બંદાનું અલ્લાહ તઆલાથી કોઈ પણ અવસ્થા કે પડદા વગર નજીક થઈ જવું, અને મામલાઓના ઉસૂલ ચાર પ્રકાર ઉપર ટકેલા છે કે જેનો ઝિક્ર પહેલા બાબમાં સર્વપ્રથમ કરવામાં આવ્યો છે."


Sparkwell
The Heart of every Kitchen.

ગેસના ભાવ વધારાથી હવે મેળવો છુટકારો
લઈ આવો નવા જમાનાની ઈલેક્ટ્રિક
Sparkwell Hot Plate

| ઇન્ડક્શન | Sparkwell |
|---|---|
| કાચનું મેઈન્ટેનન્સ | હેવી કાસ્ટીંગ પ્લેટ |
| 2000W પાવર (પ્રતિ કલાક 2 યુનિટ) | 1000W પાવર (પ્રતિ કલાક 1 યુનિટ) |
| 15 AMP પ્લગ | 6 AMP પ્લગ |
| વજન કેપેસીટી - 5 kg | વજન કેપેસીટી - 50 kg |
| અલગથી વાસણ લેવા પડે | ઘરના દરેક ફ્લેટ બેઝ વાસણ ચાલે |
| કાચ ઉપર રોટલી બનતી નથી | પ્લેટ ઉપર ડાયરેક્ટ રોટલી બનાવી શકાય |
| PVC બોડી | પાવડર કોટેડ હેવી બોડી |




રસોડાની શાન




9428923123
sparkwellappliances@gmail.com
www.sparkwellappliances.com
ઈલોલ, હિંમતનગર, સાબરકાંઠા- 383220

# તહ્ઝીબુલ ઈસ્લામ

تہذیب الاسلام

લેખકઃ અલ્લામા મોહંમદ બાકિર મજલિસી
ઉર્દૂ અનુવાદકઃ મૌલાના સૈયદ મક્બૂલઅહમદ દહેલ્વી
ગુજરાતી અનુવાદકઃ હઝરત પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.)

**પ્રકરણ–૩**

**ખાવા–પીવાના આદાબ**

**(૩) ખાવાના સમય અને કેટલાક આદાબ**

સુન્નત છે કે સવારનું ખાવાનું વહેલી સવારે ખાય. પછી દિવસમાં કંઈ પણ ન ખાય. ઈશાની નમાઝ પછી બીજી વખત ખાવાનું ખાઓ. કોળિયા નાના રાખો, સારી રીતે ચાવો. જમતી વખતે બીજાના મોઢાને ન તાકો. વધારે ગરમ ખાવાનું ન ખાઓ અને ગરમ ખાણાને ઠંડું કરવા માટે ફૂંકો ન મારો, પરંતુ રહેવા દો, તે સમય સુધી કે તે ઠંડું થઈ જાય, તે પછી ખાઓ. રોટલીને છરીથી ન કાપો. હાડકાને બિલકુલ ખાલી ન કરી દો. જે વસ્તુ ખાઓ, ઓછામાં ઓછી ત્રણ આંગળીઓથી પકડો અને જ્યારે એવા વાસણમાં વધારે માણસો જમતા હોય, તો દરેક વ્યકિત પોતપોતાના આગળથી ખાય. બીજાના આગળ હાથ ન નાખે. વાસણ સાફ કરી લો અને આંગળીઓને ચાટી લો. જનાબતની સ્થિતિમાં ખાવુંપીવું મકરૂહ છે. હા, પરંતુ વુઝૂ કરી લો અથવા હાથ ધોઈને, કોગળા કરીને નાકમાં પણ પાણી નાખીને અથવા ફક્ત મોં ધોઈને કોગળા કરી લો, તો આ બધી જ બાબતોમાં કરાહત દૂર થઈ જાય છે.

હદીસમાં આવ્યું છે કે, "જો કોઈ વ્યકિત જનાબતની સ્થિતિમાં ઉપર વર્ણવેલાં કાર્યોમાંથી કોઈ કાર્ય કર્યા વગર કોઈ વસ્તુ ખાય, તો ભય છે કે તેને સફેદ દાગ થઈ જાય."

મોઅતબર હદીસમાં નકલ કરવામાં આવ્યું છે કે શહાબના ભત્રીજાએ હઝરત ઈમામ જાફર સાદિક (અ.)ની સેવામાં હાજર થઈને પેટના દર્દ અને જઠરની તકલીફ (ઉબકા) અને પેટની ખરાબીની શિકાયત કરી. હઝરત (અ.)એ ઈર્શાદ ફરમાવ્યો કે, "સવારે અને સાંજે ખાવાનું ખાઓ અને આખો દિવસે કંઈ પણ ખાતા નહીં, કેમ કે ખુદાવંદે આલમ જન્નતના ખાણાના વખાણમાં ફરમાવે છે:

...وَلَهُمْ رِزْقُهُمْ فِيهَا بُكْرَةً وَعَشِيًّا ﴿٦٢﴾

*(જન્નતના લોકો માટે તેમની રોજી જન્નતમાં સવારે અને સાંજે તૈયાર મળશે.)"*

મોઅતબર હદીસમાં હઝરત અમીરુલ મોમિનીન હઝરત અલી (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "નબીઓ સાંજનું ખાવાનું ઈશાની નમાઝ પછી ખાતા હતા, તેથી તેને છોડતા નહીં,

કેમ કે તેને છોડવાથી શારીરિક ખરાબીઓ પેદા થાય છે."

એ જ હઝરત (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "સાંજનું ખાવાનું છોડવાથી માણસ અશક્ત થઈ જાય છે, અને ઘડપણની સ્થિતિમાં દરેક વ્યકિત માટે જરૂરી છે કે ઊંઘવા પહેલાં કંઈક ખાઈ લે. ઊંઘ પણ સારી રીતે આવશે, મોઢામાં સુગંધી પણ આવશે, અને અખ્લાક સારા થશે."

હઝરત ઈમામ મૂસા કાઝિમ (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "રાત્રે કંઈક થોડું ખાવાનું છોડતા નહીં, જો કે, તે સુકાયેલી રોટલીનો એક ટુકડો જ કેમ ન હોય, કેમ કે એ શરીરની શકિત અને જાતીય શકિતનું કારણ છે."

હઝરત ઈમામ જાફ્ર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "જે વ્યકિત શનિવાર અને રવિવારની રાત્રે સતત ખાવાનું ન ખાય, તો એની એટલી શકિત ઘટી જાય છે કે ચાલીસ દિવસમાં પણ એટલી શકિત પેદા થતી નથી." આ પણ ફરમાવ્યું કે, "દિવસનું ખાવાનું રાતના ખાવાથી વધારે ફાયદાકારક છે."

હઝરત ઈમામ જાફ્ર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "માણસના શરીરમાં એક નસ ઈશા નામની છે. જે વ્યકિત રાત્રે કંઈ ખાતી નથી, તો તે નસ સવાર સુધી તેને બદ્દુઆ આપે છે કે, "ખુદા તને એવી રીતે ભૂખ્યો રાખે જેવી રીતે તેં મને ભૂખી રાખી અને ખુદા તને એવી રીતે તરસ્યો રાખે જેવી રીતે તેં મને તરસી રાખી." એટલા માટે જરૂરી છે કે રાત્રે ખાવાનું ન છોડે, એટલે સુધી કે રોટલીનો એક ટુકડો અને પાણીનો એક ઘૂંટ પણ કેમ ન હોય."

હઝરત ઈમામ જાફ્ર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "મોમિન માટે સવારના સમયે યોગ્ય નથી કે કંઈ પણ ખાધા વગર ઘરથી બહાર નીકળે, કેમ કે સવારે ખાવાનું ખાઈને જવું ઈજ્જતના વધારાનું કારણ છે."

બીજી હદીસમાં ફરમાવ્યું કે, "જે સમયે તમે કોઈ જરૂરિયાત માટે જવા ઈચ્છો, તો રોટલીનો એક ટુકડો નમકની સાથે ખાઈને જાઓ. આનાથી એક તો ઈજ્જતમાં વધારો થશે અને બીજું એ કે જરૂરિયાત જલ્દી પૂરી થશે."

હઝરત અમીરુલ મોમિનીન (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "ગરમ ખાણાને ઠંડું પડવા દો, કેમ કે હઝરત રસૂલે ખુદા (સ.)ની પાસે જ્યારે ગરમ ખાવાનું લાવવામાં આવતું હતું, તો આંહઝરત (સ.) ફરમાવ્યા કરતા હતા કે, "ઠંડું થવા દો. ખુદા તઆલાએ અમારા ખાણાને આગ બનાવ્યું નથી અને ઠંડું ખાવામાં બરકત પણ છે."

હઝરત ઈમામ રઝા (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "ગરમ ખાવામાં બરકત હોતી નથી, તેમાં શયતાન પણ ભાગ પડાવે છે."

હદીસે મુવસ્સકમાં સુલેમાન ઈબ્ને ખાલિદથી નકલ કરવામાં આવ્યું છે કે, "ઉનાળાની એક રાત્રે હું હઝરત ઈમામ જાફ્ર સાદિક (અ.)ની સેવામાં હાજર થયો. હઝરત (અ.)ની સામે ગુલામ ખાવાનું વાસણ લઈને આવ્યો કે જેમાં કેટલીક રોટલીઓ

હતી અને એક પ્યાલો સરીદ (સરીદ એક પ્રકારનું ખાણું છે કે જે રોટીના ટુકડાઓને સાલનની સાથે પલાળીને તૈયાર કરવામાં આવે છે.) અને બીજું ગોશ્તનું. હઝરત (અ.)એ હાથ નાખ્યો અને તરત જ ખેંચી લીધો. પછી ફરમાવ્યું, "જહન્નમની આગથી અલ્લાહની પનાહ માગું છું. માણસને આની ગરમીની સહનશકિત નથી, તો જહન્નમની આગ સહન કેવી રીતે કરશે?" આ જ વાત વારંવાર ફરમાવતા રહ્યા, એટલે સુધી કે ખાણું ખાવાલાયક ઠંડું થઈ ગયું, તે સમયે ખાધું. મેં પણ હઝરત (અ.) ની સાથે ખાવાનું ખાધું."

હઝરત રસૂલે મકબૂલ (સ.)એ ખાવાપીવાની વસ્તુ પર ફૂંક મારવાની મનાઈ ફરમાવી છે.

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી મન્કૂલ છે કે, "ત્રણ પ્રસંગે ફૂંક મારવી મકરૂહ છે: (૧) દુઆ પઢીને કોઈ વસ્તુ પર દમ કરવો (૨) ખાવામાં (૩) સજ્દાની જગ્યામાં."

બીજી હદીસમાં એ જ હઝરત (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "જો ઠંડું કરવા માટે ખાવામાં ફૂંક મારવામાં આવે, તો કંઈ વાંધો નથી."

હઝરત અમીરુલ મોમિનીન (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "સરીદને ઉપરથી ન ખાઓ, બલ્કે કિનારા તરફથી ખાઓ, કારણ કે ખાવાની બરકત ચોટીમાં હોય છે."

મોઅતબર હદીસમાં હઝરત રસૂલ (સ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "જ્યારે તમારામાંથી કોઈ વ્યકિત ખાવાનું ખાય, તો પોતાના આગળથી જ ખાય."

બીજી હદીસમાં નકલ કરવામાં આવ્યું છે કે, "આંહઝરત (સ.) ખાવાના વાસણને આંગળીઓથી ચાટતા હતા. ખાવાનું વાસણ એવી રીતે સાફ કરી લેવાનો સવાબ એટલો છે કે જાણે તે ખાવાનો સદકો કર્યો."

નકલ કરવામાં આવ્યું છે કે, હઝરત અમીરુલ મોમિનીન (અ.) બધી જ આંગળીઓથી ખાવાનું જમતા હતા અને આવો ઈર્શાદ ફરમાવ્યા કરતા હતા કે, "જે વ્યકિત ખાવાનું વાસણ આંગળીઓથી ચાટી લેશે, તો ફરિશ્તા તેના પર દુરૂદ મોકલશે, તેના માટે રોજીની વિશાળતાની દુઆ માગશે, અને અગણિત નેકીઓ તેના આમાલમાં લખી દેશે."

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, તેઓ ખાવાના સમયે ગુલામોની માફક ઘૂંટણભર બેસતા હતા, અને જે વસ્તુ જમતા હતા ત્રણ આંગળીઓથી ખાતા હતા, અને અભિમાની અને જાલિમની જેમ બે આંગળીઓથી ખાતા ન હતા.

હઝરત રસૂલલ્લાહ (સ.)થી મોઅતબર સનદથી નકલ કરવામાં આવ્યું છે કે, "જ્યારે કોઈ વ્યકિત ખાવાનું ખાય અને પોતાની આંગળીઓને ચાટી લે, તો ખુદા તઆલા તેની રોજીમાં બરકત આપશે."

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "રસૂલલ્લાહ (સ.) ખાણાથી ભરેલા હાથને રૂમાલથી લૂછવાને મકરૂહ ગણતા

હતા, પરંતુ દુર્મતના કારણે ખોરાકને પોતે ચૂસી લેતા હતા અથવા તો કોઈ બાળકને ચૂસાડી દેતા હતા."

હઝરત અમીરુલ મોમિનીન (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "જે વ્યકિત એવું ઈચ્છતી હોય કે તેને કોઈ ખાણું નુકસાન ન પહોંચાડે, તો જરૂરી છે કે જ્યાં સુધી જઠર સાફ ન થાય અને ખૂબ ભૂખ ન લાગે, ત્યાં સુધી કંઈ પણ ખાવાનું ન ખાય. અને જ્યારે શરૂ કરે, તો બિસ્મિલ્લાહ પઢે. ખાવાનું ખૂબ ચાવે. થોડી ભૂખ બાકી રહેવા પર હાથને રોકી લે."

મોઅતબર સનદથી હઝરત અલી ઝૈનુલ આબેદીન (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "હાડકાંને સાફ ન કરો, કેમ કે તેમાં જિન્નાતનો પણ ભાગ હોય છે અને જો સાફ કરી નાખો, તો તે એના કરતાં વધારે કીંમતી ચીજો તમારા ઘેરથી લઈ જશે."

મોઅતબર સનદથી હઝરત ઈમામ હસન (અ.) થી નકલ કરવામાં આવ્યું છે કે, "ખાવાની બાબતમાં બાર હુકમો છે કે જેમને જાણવા દરેક મુસલમાન માટે જરૂરી છે. એમાંથી ચાર વાજિબ, ચાર સુન્નત અને ચાર આદાબ છે.

વાજિબાત આ છે: (૧) પોતાને ખવડાવનારને ઓળખો (૨) એ જાણવું કે બધી જ નેઅમતો પોતાના પરવરદિગાર તરફથી છે અને એ જે કંઈ આપે તેના પર રાજી રહેવું. (૩) બિસ્મિલ્લાહ કહેવું (૪) ખુદાનો શુક્ર અદા કરવો.

સુન્નતો આ છે: (૧) ખાવા પહેલાં હાથ ધોવા (૨) ડાબી તરફ વધારે જોર દઈને બેસવું (૩) જે કંઈ ખાઓ, તે ઓછામાં ઓછું ત્રણ આંગળીઓથી ખાવું (૪) આંગળીઓને ચાટવી.

આદાબ આ છે: (૧) જે કંઈ ખાવાનું ખાઓ, તેને પોતાના આગળથી જ ખાવું (૨) નાના કોળિયા બનાવવા (૩) ખૂબ ચાવવું (૪) લોકોના ચહેરા તરફ ઓછું જોવું."

મોઅતબર હદીસમાં નકલ કરવામાં આવ્યું છે કે હઝરત અમીરુલ મોમિનીન (અ.)એ ઈમામ હસન (અ.)ને ફરમાવ્યું કે, "શું તમે ઈચ્છો છો કે તમને એવી ચાર આદતો શીખવું કે જેનો અમલ કરવાથી તમને ડૉક્ટરોની સારવારની જરૂર ન પડે." અરજ કરી, "યા અમીરલ મોમિનીન! જરૂર ફરમાવો." તો આપ (અ.)એ ફરમાવ્યું, "(૧) જ્યાં સુધી તમને ખૂબ ભૂખ ન લાગે, ત્યાં સુધી ખાવાનું ન ખાઓ. (૨) ભૂખ બાકી હોય તો ખાવાનું મૂકી દો. (૩) ચાવવાના સમયે ધીમે ધીમે ચાવો (૪) ઊંઘવાના પહેલાં પાયખાને જઈ આવો."

હઝરત રસૂલે ખુદા (સ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, જે સમયે આંહઝરત (સ.) ખાવાનું ખાતા હતા બિસ્મિલ્લાહ કહેતા હતા. કોઈ બીજાની સામેથી કોઈ વસ્તુ ઉપાડતા ન હતા. મહેમાનો પહેલાં ખાવાની શરૂઆત કરતા હતા. અંગૂઠા અને શહાદતની આંગળી અને વચલી આંગળીથી ખાતા અને કદી કદી ચોથી આંગળી પણ મિલાવી દેતા હતા અને કદી કદી બધી આંગળીઓથી ખાતા હતા, પરંતુ બે આંગળીઓથી તો કદી પણ નહીં, પરંતુ એવું ફરમાવતા હતા કે, "બે આંગળીઓથી શયતાન ખાય છે."

# આધુનિક સમયમાં એક મુસ્લિમ માટે માર્ગદર્શન

લેખક: ડૉ. સૈયદ હુસૈન નસ્ર અનુવાદક: મોમિન આબિદહુસૈન સાવદી

## વિભાગ–૧

## ઈસ્લામનો પયગામ

### પ્રકરણ ૨: અલ્લાહ, માણસ અને કાએનાત — મઆદ વિષેના પ્રશ્નો

**મઆદ:**

જ્યાં સુધી કયામતના દિવસની વાત છે, તો જરૂરી છે કે વ્યક્તિગત સ્તરે મઆદ વિષેની હકીકતો, અને સમગ્ર મનુષ્યજાતથી સંબંધિત મઆદની ઘટનાઓ વચ્ચે ફર્ક કરવામાં આવે. સામાન્ય રીતે, કયામતના દિવસને વ્યક્તિગત મૃત્યુના દિવસ તરીકે ઉલ્લેખવામાં નથી આવતો, પરંતુ તે પ્રવર્તિત આખીય મનુષ્યજાતનો છેવટનો અંત સૂચવે છે, આ એ કયામત નથી જેનાથી મોતની વેળાએ દરેક માણસ પસાર થાય છે, પરંતુ એ (કયામત) છે કે જે પ્રવર્તિત સમગ્ર મનુષ્યજાત પર આવવાની છે. ઈસ્લામી ઉપદેશોમાં 'અલ–કિયામા' (કયામત) પરિભાષા કાએનાતને લગતી મઆદની ઘટના માટે ખાસ છે. જે ન કેવળ સઘળી મખ્લૂકના ફરી ઊભા થવા ઉપર, બલ્કે દરેક માણસના વ્યક્તિગત ફરીથી ઊભા થવા સાથે પણ સંબંધિત છે. વધુ ચોકસાઈપૂર્વક કહીએ તો આ સ્ત્રોતો કયામતના બે પ્રકાર બતાવે છે: અલ–કિયામત અલ–કુબરા એટલે કે મોટી કયામત કે જે સમગ્ર કાએનાત અને આખી મનુષ્યજાત માટે થશે, એટલે એ હશ્ર જે આખીય કાએનાતના નાશ થઈ ગયા પછી થશે. અને અલ–કિયામત અલ–સુગરા એટલે કે નાની કયામત કે જે દરેક માણસના મોતની સાથે પેશ આવે છે. એટલે એ બરઝખનો તબકકો જે મૃતકના નફસને મોત પછી પેશ આવે છે. વ્યક્તિગત મોત અને સમગ્ર મનુષ્યજાતની કયામત દરમિયાન શું થશે તેના વિષે ઈસ્લામી વિચારધારાઓની વિવિધ શાખાઓએ ચર્ચા કરી છે, અને તેની અહીં ચર્ચા થઈ શકે એમ નથી, કેમ કે તે ઈલ્મે કલામનો અને ઈલ્મે ફલસફાનો ખૂબ પેચીદો મસઅલો છે.

કુરઆનમાં પણ મઆદને લગતી એવી ઘટનાઓનો ઝિક્ર મળે છે જેનો સંબંધ સમગ્ર મનુષ્યજાત સાથે હોય. અગાઉ ઉલ્લેખ્યું તેમ, ઈસ્લામ કહે છે કે આ દુનિયા કે જેમાં આપણે રહીએ

છીએ તે કાયમી નથી. તેની એક શરૂઆત અને એક અંત છે, જેના પછી અલ્લાહ બીજી દુનિયાઓનું સર્જન કરશે, કારણ કે તે હંમેશાં સર્જનહાર એટલે કે 'અલ–ખાલિક' છે. પરંતુ આ પ્રવર્તિત દુનિયાની એક ચોક્કસ શરૂઆત છે, અને તેનો એક ચોક્કસ અંત છે, જેને મઆદની ઘટનાઓ વડે નિર્દેશિત કરવામાં આવ્યો છે. પરંપરાગત ઈસ્લામી સ્ત્રોતો સૂચવે છે કે આ ઘટનાઓમાં સૌથી પહેલાં ઈમામ મહદી (અ.) નું ઝુહૂર થશે. આ ઝુહૂરની આગાહીઓ રસૂલલ્લાહ (સ.)ની હદીસોને આધારે કરવામાં આવી છે, આપ (સ.)એ ફરમાવ્યું છે કે જ્યારે આ દુનિયા જોર અને જુલ્મથી ભરાઈ જશે, "મારી અહલેબૈતનો એક માણસ ઝુહૂર કરશે તેનું નામ મારા નામ જેવું જ હશે." તેથી, સદીઓથી સુન્ની અને શીઆ એમ બન્ને પ્રકારના મુસલમાનોનો એવો અકીદો રહ્યો છે કે એક એવી હસ્તી એક દિવસ ઝુહૂર ફરમાવશે, જેઓ મહદી (અ.) એટલે હિદાયત પામેલ હશે, જેઓ જુલ્મને ખતમ કરી દેશે, ઈસ્લામી હુકૂમતને ફરી કાયમ કરશે, તથા દુનિયામાં અદ્‌લ અને સલામતીને ફરી સ્થાપિત કરી દેશે. આપ (અ.)નું શાસન, જો કે, ટૂંકું હશે, અને પછી ઈસા (અ.) પણ પાછા આવશે.

ઈસ્લામ અને નસરાની મઝહબમાં હઝરત ઈસા (અ.)ના પાછા ફરવા વિષે સમાન નઝરીયો છે, કારણ કે નસારા પણ ઈસા (અ.)ના પાછા આવવાનો અકીદો ધરાવે છે. વધુમાં, મુસ્લિમો પણ નસારાની જેમ હઝરત ઈસા (અ.) જેરુસલેમમાં પાછા આવશે તે વાતને સ્વીકારે છે, અને આ જ શહેર છે કે જ્યાં મઆદની અંતિમ ઘટના ઘટશે. નસરાની મઝહબથી વિપરિત ઈસ્લામ જો કે, ઈમામ મહદી (અ.) અને ઈસા (અ.)ની ભૂમિકાઓને એકબીજાથી સંકળાયેલી જુએ છે, અને તેમના પાછા ફરવાને મઆદની મુખ્ય ઘટનાના એક ભાગ તરીકે જુએ છે. જ્યારે કે ઈમામ મહદી (અ.) ધરતી પર કેટલાંક વર્ષ હુકૂમત કરશે, ઈસા (અ.)નું આવવું માનવજાતના પ્રવર્તિત ઈતિહાસ અને સમય — કે જેને આપણે સાધારણરીતે અનુભવીએ છીએ —ના ખાતમા સાથે હશે. ઐતિહાસિક સમયનો અંત આવશે અને પછી તરત કયામતનો દિવસ આવશે; જે સમગ્ર મનુષ્યજાત માટે અંતિમ ફેંસલાનો દિવસ, સારાં અને ખરાબ કાર્યોના તોળવાનો દિવસ, જન્નતવાસીઓ, બરઝખવાસીઓ અને જહન્નમવાસીઓના નક્કી થવાનો દિવસ, અને કાએનાતના ઈતિહાસના અંત તરફ જવાનો દિવસ હશે. આ ઘટનાઓ પેચીદા છે, તેને ઈસ્લામમાં એવી રીતે બયાન કરવામાં આવી છે કે કોઈ પણ માણસ, ભલે ને કોઈ પણ દાવો કેમ ન કરે, તે તેના આવવાની ઘડી વિષે અનુમાન લગાવી શકતો નથી. હકીકતમાં, રસૂલલ્લાહ (સ.)ની એક હદીસ છે કે જેઓ કયામતની ઘડી વિષે અનુમાન લગાવે છે તેઓ જુઠ્ઠા છે. તેમ છતાં, સઘળા મુસલમાનો અકીદો રાખે છે એ ઘડી આવશે, એટલે કે માનવ–ઈતિહાસનો અંત આવશે, એટલે કે

અલ્લાહ આખરે સામાન્ય સમય/અવકાશ ચેતનાના માનસ પર વીજળીની જેમ હસ્તક્ષેપ કરશે, એટલે કે છેવટનું મોત થશે અને મનુષ્યજાત ફરીથી ઊભી કરવામાં આવશે, અને માણસે આ દુનિયામાં કરેલાં સઘળાં કાર્યોનો હિસાબ–કિતાબ થશે.

ઈસ્લામના આ ઉપદેશોની મોટાભાગની વિગતવાર માહિતીઓને સામાન્ય મુસ્લિમો દ્વારા રોજિંદા જીવનમાં વિશેષ ધ્યાનમાં લેવાતી નથી, કે જેમને તેના પર ચિંતનમનન કરવાનો કે વિચાર કરવાનો મોકો મળતો નથી. આ બાબતોને સમજવી અને તેમનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવો વિશેષ મુતકલ્લિમીન (ધર્મશાસ્ત્રી), તત્ત્વચિંતકો અને દીની ઉલૂમના માહિરો માટે છે. પરંતુ, જ્યાં સુધી તેમનાં પરિણામોનો સવાલ છે, તો તે બધા મુસલમાનોના વિચારવા માટે છે. સૌ પ્રથમ તો એ કે, આપણે બધા મૃત્યુ પામીએ છીએ, ભલે ને આપણે જાહિલ હોઈએ કે પછી મોટા દીની આલિમ, કે પછી બાદશાહ કે ફકીર; તેથી, મોતની હકીકત અને ઈન્સાની નફસનું મોત બાદ શું થાય છે તે દરેક મનુષ્યની ચિંતાનો વિષય છે. માત્ર મુસ્લિમો જ નહીં, પણ દરેક મનુષ્ય — તે મુસ્લિમ હોય, નસરાની હોય, યહૂદી હોય કે અન્ય કોઈ ધર્મનો અનુયાયી, તે — પોતાના મોત વિષે સ્વાભાવિક રીતે વિચારતો જ હોય છે. તેથી મઆદ વિષેના ઈસ્લામી ઉપદેશોનાં પરિણામો સઘળા મુસ્લિમો માટે લાભદાયી છે અને વિવિધ પ્રકારના લોકો આ વિષય પર અલગ–અલગ પદ્ધતિઓથી વિચાર કરતા આવ્યા છે, અને વિવિધ સ્વરૂપે વિચાર કરતા આવ્યા છે લોકપ્રિય કથાઓથી લઈને અને લોકવાયકાઓ, અને ત્યાંથી લઈને સૌથી ઈલ્મી અને અકલી ખુલાસાઓ સુધી, કે જેમાં આ હકીકતોને આધ્યાત્મિક અને દીની પરિભાષાઓમાં રજૂ કરવામાં આવી છે.

જ્યાં સુધી ઈસ્લામના સર્વસામાન્ય ઉપદેશોની વાત છે, તો અગત્યની યાદ રાખવાલાયક બાબત છે મોત અને આખેરતની હકીકત, મનુષ્ય તરીકેનાં આપણાં કાર્યોનું છેવટનું પરિણામ, અને જે કંઈ આપણે કરીએ છીએ તેમાં આપણી અલ્લાહ પ્રત્યેની જવાબદારી. મનુષ્યજાતને મળેલ અમૂલ્ય નેઅમત, કે જે અલ્લાહે આપણને પોતાના ફઝલ વડે અતા કરી છે, તે છે કાર્યો કરવાની સ્વતંત્રતા અને અલ્લાહના ઉપદેશોને કોઈ બળજબરી હેઠળ નહીં પરંતુ સ્વેચ્છાએ સ્વીકારવાની સ્વતંત્રતા, આ હકીકતને આપણે હંમેશાં યાદ રાખવી જોઈએ. મઆદની હકીકતો વગર દીનના અન્ય ઉપદેશો પોતાની મોટાભાગની અસરને ખોઈ દેશે, અને આ દુનિયામાં મનુષ્યજીવનની એ રૂહાની જુસ્તજુ, જે મનુષ્ય હોવાની હકીકતનું એક જરૂરી પરિબળ છે, તે ખતમ થઈ જશે. જેના પરિણામે મનુષ્યજીવન મકસદહીન થઈ જશે. આવું એટલા માટે થશે કારણે કે કોઈ ફરક નહીં પડે મનુષ્ય દુનિયામાં કંઈ પણ (સારું કે ખરાબ) હાસિલ કરી લેશે તોય, તેમાં એક યકીની બાબત હશે કે (તમે ગમે તે કરો ફરક નહીં

પડે કેમ કે) આ બધું છેવટે તો નષ્ટ જ થવાનું છે. મનુષ્યની વિશાળ ભૌતિક સિદ્દિધઓની પણ — ન કેવળ વ્યકિતગત સ્તરે, બલ્કે આખીય સભ્યતાના અને સંસ્કૃતિના સ્તરે પણ તેની — પડતી આવશે, અને ખરેખર નાશ પામશે. માત્ર મઆદલક્ષી (આખેરતની) હકીકત જ મનુષ્યકાર્યોનાં કાયમી, બાકી રહેનારાં અને શાશ્વત પરિણામોને ઉજાગર કરે છે, કેમ કે મનુષ્યને બાકી રહેનારી અને કાયમી દુનિયા માટે પેદા કરવામાં આવ્યો છે.

સામાન્ય મુસ્લિમ મોત પછી જન્નતમાં દાખલ થવાની આશા રાખીને જીવન જીવતો હોય છે. તેથી, તે હંમેશાં શરીઅત પ્રમાણે જીવન જીવવાની કોશિશ કરે છે, રહેમદિલ, માફ કરનાર અને ઉદાર બનીને, તથા જૂઠ, છેતરપિંડી અને ગીબતથી બચીને. તેમ જ ગુનાહે કબીરા જેવા કે ખૂનામરકી, અથવા અલ્લાહની ઝાતમાં શરીક ઠેરવવું, વગેરેથી દૂર જ રહીને, કે જેને ઈસ્લામમાં સૌથી મોટો ગુનોહ ગણવામાં આવે છે. ઈસ્લામી ઉપદેશોમાં અલ્લાહના કાયદાની કડકાઈ અને તેની રહમત વચ્ચે એક ખૂબ જ સૂક્ષ્મ અને સુંદર સુમેળતા જોવા મળે છે; જે અલ–રહમાન, અલ–રહીમ અને અલ–ગફૂર જેવાં અલ્લાહનાં નામો દ્વારા જારી છે. અલ્લાહ માણસથી નેકુકારી, નૈતિકતા અને પવિત્રતા અપેક્ષે છે, પરંતુ કારણ કે તે તેની મખ્લૂકની નબળાઈઓથી પણ વાકેફ છે, તેથી તે માફ પણ કરે છે અને રહમ પણ કરે છે. અદ્લ અને રહમતના આ આકર્ષક સંતુલન દ્વારા પરંપરાગત ઈસ્લામી જીવન સદીઓથી અવિરત ચાલતું રહ્યું છે. જે સ્ત્રીઓ અને પુરુષોની એક પછી એક ઘણી સદાચારી પેઢીઓ પેદા કરતું રહ્યું છે, જેમણે અલ્લાહની સજાનો ડર રાખ્યો છે પરંતુ સાથેસાથે તેની માફીની આશા પણ રાખી છે. તેઓ ઈસ્લામી સમાજમાં નૈતિક મૂલ્યો લાવ્યાં છે, જેણે હંમેશાં આ દુનિયાથી પરે રહેલી (આખેરતની) હકીકતોને દર્શાવી છે, એવી જ રીતે જેમ આપણાં કાર્યો જગ્યા અને સમયની આ દુનિયા કે જેમાં તેમને કરવામાં આવ્યાં છે તેની સીમાઓ પાર કરીને (આખેરતની) કાયમી દુનિયામાં પણ ગુંજાતાં રહે છે. (ક્રમશઃ)





# ઈબાદાત

## માહે જમાદિલ આખરના આમાલ

**ત્રીજી માહે જમાદિલ આખરના આમાલ:**

આ દિવસ, જનાબે ફાતેમા ઝહરા (અ.)ની વફાતનો છે કે જેમાં બે રકાત નમાઝ અને ઝિયારતે ફાતેમા (અ.) આ મુજબ પઢે.

બન્ને રકાતમાં સૂરા હમ્દ પછી ૬૦ વખત સૂરા તૌહીદ પઢે. અને આ રીતે ન પઢી શકાય તો પહેલી રકાતમાં સૂરા હમ્દ પછી એક વખત સૂરા તૌહીદ પઢે, અને બીજી રકાતમાં સૂરા હમ્દ પછી સૂરા કાફેરૂન પઢે, અને સલામ પઢીને આ મુજબ ઝિયારત પઢે:

اَلسَّلَامُ عَلَيْكِ يَا سَيِّدَةَ نِسَآءِ الْعَالَمِيْنَ، اَلسَّلَامُ عَلَيْكِ يَا وَالِدَةَ الْحُجَجِ عَلَى النَّاسِ اَجْمَعِيْنَ، اَلسَّلَامُ عَلَيْكِ اَيَّتُهَا الْمَظْلُوْمَةُ الْمَمْنُوْعَةُ حَقَّهَا

પછી આ મુજબ પઢે:

اَللّٰهُمَّ صَلِّ عَلٰى اَمَتِكَ وَابْنَةِ نَبِيِّكَ وَزَوْجَةِ وَصِيِّ نَبِيِّكَ صَلٰوةً تُزْلِفُهَا فَوْقَ زُلْفٰى عِبَادِكَ الْمُكَرَّمِيْنَ مِنْ اَهْلِ السَّمَاوَاتِ وَاَهْلِ الْاَرَضِيْنَ

**વીસમી માહે જમાદિલ આખરના આમાલ:**

આ દિવસ, જનાબે ફાતેમા ઝહરા (અ.)ની વિલાદતનો છે, જેમાં આ મુજબ આમાલ બજાવી લાવે:

(1) રોઝો રાખે.

(2) મોહતાજોને સદકો આપે.

(3) જનાબે ફાતેમા ઝહરા (અ.)ની ઝિયારત પઢે.

# બનુ હાશિમના ગુલામો

- મૌલવી મોહંમદઅલી ભગત (બાદરપુર)

કરબલા એવો એક અનોખો જંગ હતો કે જેમાં પોતાના આકાના બચાવમાં ગુલામો પણ પોતાનો જીવ આપવા માટે તૈયાર હતા. તારીખને ઉઠાવીને જોવામાં આવે તો જણાઈ આવશે કે કરબલામાં જીવ આપવાનો જેટલો જઝ્બો ઘરવાળાઓનો હતો એટલો જ જઝ્બો ગુલામોનો પણ હતો. એનું કારણ એ હતું કે રસૂલલ્લાહ (સ.)નાં ઘરવાળાંઓ પોતાના ગુલામો સાથે એવી હમદર્દી રાખતાં હતાં કે જેવી હમદર્દી ઘરવાળાંઓ સાથે રાખવામાં આવે છે; આ ઘરવાળાંઓનો સંબંધ ગુલામો સાથે એવો હતો કે ગુલામોને ગુલામ હોવાનો એહસાસ થતો ન હતો, અને એટલા જ માટે કરબલામાં આપણને ગુલામોનો જીવ કુરબાન કરવાનો જઝ્બો ઘરવાળાઓ કરતાં કંઈ ઓછો દેખાતો નથી. કરબલામાં ગુલામોની વફાદારી આકાની ઈતાઅતનું બહેતરીન ઉદાહરણ પૂરું પાડે છે. કરબલાના આવા ગુલામોમાંથી એક ઈમામ હુસૈન (અ.)ના ગુલામ હઝરત સુલૈમાન ઈબ્ને રઝીન (અ.) હતા.

**૧. હઝરત સુલૈમાન ઈબ્ને રઝીન (અ.)**

ઈમામ હુસૈન (અ.)ના ગુલામ. આપ (અ.)ના બસરા તરફના કાસિદ.

આપ (અ.)નાં વાલેદાનું નામ કબ્શા હતું, જેઓ ઈમામ હુસૈન (અ.)નાં કનીઝ હતાં, જેમને ઈમામ (અ.)એ એક હજાર દિરહમમાં ખરીદ્યાં હતાં, અને તેઓ ઈમામ (અ.)નાં એક ઝૌજાની ખિદમતમાં હતાં. પછી તેમના નિકાહ થયા અને હઝરત સુલૈમાન (અ.)ની વિલાદત થઈ.[1]

આ હઝરત સુલૈમાન (અ.) ઈમામ હુસૈન (અ.)ના ગુલામ હતા. હિ.સ. ૬૦માં જ્યારે આપ (અ.) મક્કામાં હતા, ત્યારે તેમને આપ (અ.) એ બસરાના કેટલાક શીઆઓ તરફ પત્ર લઈને મોકલ્યા હતા.[2]

રિવાયતમાં છે કે, ઈમામ હુસૈન (અ.) એ બસરાના કેટલાક શીઆઓ અને કેટલાક ઈઝ્ઝતદાર લોકોને પત્ર લખ્યો, જેમાં માલિક ઈબ્ને મિસ્મઅ બક્રી, અહ્નફ ઈબ્ને કૈસ તમીમી, મસ્ઊદ ઈબ્ને અમ્ર અઝદી, કૈસ ઈબ્ને હૈસમ, અમ્ર ઈબ્ને ઉબૈદુલ્લાહ ઈબ્ને મુઅમ્મર અને મુન્ઝર ઈબ્ને જારૂદ અબદી શામેલ હતા, જેમાં લખ્યું હતું કે, "અમ્મા બઅદ, અલ્લાહે મોહંમદ (સ.) ને પોતાની મખ્લૂકમાંથી પસંદ કર્યા, અને આપ (સ.)ને નબુવ્વતથી શરફ બખ્શ્યો, અને પોતાની

1 ઝખીરતુદ્દારૈન, સફહા–૧૭૧
2 અબ્સારુલ ઐન ફી અન્સારિલ હુસૈન (અ.), સફહા–૯૫

રિસાલત માટે પસંદ કર્યા, પછી અલ્લાહે આપ (સ.)ની રૂહને કબ્ઝ કરી દીધી, અને આપ (સ.) એ પહેલાં (અલ્લાહના દીનની) હિદાયત કરી ચૂક્યા હતા, અને અલ્લાહે જે પણ જવાબદારી આપ (સ.)ને આપી હતી તેની તબ્લીગ કરી દીધી હતી. અમે આપ (સ.)ની અહલેબૈત, આપ (સ.) ના દોસ્તો, વસીઓ, વારિસો છીએ અને લોકોમાં બીજાઓ કરતાં વધારે આપ (સ.)ના ઉત્તરાધિકારી હોવાના હકદાર છીએ. પરંતુ કોમે અમારા કરતાં બીજાઓને આના લાયક ગણ્યા, તો પણ અમે રાજી રહ્યા, અને અળગા પડવાને નાપસંદ કર્યું, અને તમારી આફિયત ચાહતા રહ્યા. જો કે, અમે સારી રીતે જાણીએ છીએ કે તે હકના અમે વધારે હકદાર છીએ તેમના કરતાં કે જેઓ ભોગવી રહ્યા છે. મેં મારા કાસિદને તમારી તરફ મોકલ્યો છે. અને હું તમને અલ્લાહની કિતાબ અને તેના નબી (સ.) ની સુન્નત તરફ દાવત આપું છું, કારણ કે સુન્નતને મારી દેવામાં આવી છે, અને બિદ્અતને જીવતી કરવામાં આવી છે, માટે મારી વાતને સાંભળો, અને મારા હુકમની પૈરવી કરો, જેથી હિદાયતના રસ્તા તરફ તમારી રાહનૂમાઈ થાય."[1] કેટલાકે આ વાતને છૂપી રાખી, પરંતુ મુન્ઝર ઈબ્ને જારૂદને લાગ્યું કે આ ઉબૈદુલ્લાહ ઈબ્ને ઝિયાદનો ગુપ્તચર હશે. આ મુન્ઝર ઈબ્ને જારૂદ ઈબ્ને ઝિયાદનો જમાઈ હતો.

1 અબ્સારુલ ઐન ફી અન્સારિલ હુસૈન (અ.), સફહા–૯૫; તારીખે તબરી, જિલ્દ–૩, સફહા–૨૮૦

માટે તેણે આ કાસિદ અને પત્ર બન્નેને ઉબૈદુલ્લાહ ઈબ્ને ઝિયાદની સામે પેશ કરી દીધા. જ્યારે તેણે આ પત્ર વાંચ્યો તો હઝરત સુલૈમાન (અ.)ને કતલ કરાવી દીધા. ઈબ્ને ઝિયાદ મિમ્બર પર ચડ્યો અને બસરાના લોકોને ઈમામ હુસૈન (અ.)ની મદદ કરવા બદલ સજાની ધમકીઓ આપી, અને કૂફા તરફ રવાના થઈ ગયો.[2]

ઈમામે ઝમાના (અ.)થી મન્સૂબ ઝિયારતે નાહિયામાં આપ (અ.) પર આ રીતે સલામ કરવામાં આવી છે:

اَلسَّلَامُ عَلٰی سُلَیْمَانَ مُوْلَی الْحُسَیْنِ بْنِ اَمِیْرِ الْمُؤْمِنِیْنَ
وَلَعَنَ اللّٰهُ قَاتِلَهُ سُلَیْمَانَ بْنَ عَوْفٍ الْحَضْرَمِیِّ

સલામ થાય હુસૈન ઈબ્ને અમીરિલ મોમિનીન (અ.)ના ગુલામ સુલૈમાન (હઝરત સુલૈમાન ઈબ્ને રઝીન (અ.)) પર, અને અલ્લાહ લાનત કરે આપના કાતિલ સુલૈમાન ઈબ્ને ઔફ હઝ્રમી પર.

2 અબ્સારુલ ઐન ફી અન્સારિલ હુસૈન (અ.), સફહા–૯૫


જાફરી આવાઝ (માસિક)માં લવાજમ, જાહેરાત, ડોનેશન, અવસાન નોંધ કે કોઈ સારા સમાચાર, વગેરે મોકલવા માટે સંપર્ક કરો:

**મોમિન રઝાઅલી ખણુશીયા**

જાફરી આવાઝ (માસિક) ઑફિસ

મેહેર લાઈબ્રેરી એન્ડ જાફરી સેમિનરી,

મકતબા જાફરીયા, સેદ્રાણા સ્કવેર, સેદ્રાણા.

મોબાઈલ: **84604 92429**

# આપણા ઘરની વાતો

**ઈન્નાલિલ્લાહે...**



નડીયાદનિવાસી **મર્હૂમ ઈસ્માઈલભાઈ ફત્તેહભાઈ મોમિન** મુ.તા. ૧૧, રબી.અવ્વલ-૧૪૪૭ તા.૦૪/૦૯/૨૦૨૫ને ગુરુવારના રોજ ૬૯ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે. ⟶



⟵ બાદરપુરનિવાસી **મર્હૂમા મો.કલીબેન લાલાભાઈ બાંગ** મુ.તા. ૨૭, રબી.અવ્વલ-૧૪૪૭ તા.૨૦/૦૯/૨૦૨૫ને શનિવારના રોજ ૯૧ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યાં છે.



કિશોરગઢનિવાસી **મર્હૂમા મો.રાબિયાબેન હસનઅલી ખણુશિયા** મુ.તા. ૨૯, રબી.અવ્વલ-૧૪૪૭ તા.૨૨/૦૯/૨૦૨૫ને સોમવારના રોજ ૪૫ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યાં છે. ⟶



⟵ મોલીપુરનિવાસી **મર્હૂમ હાજી હૈદરઅલી જમાલભાઈ ઝાલર** મુ.તા. ૦૩, રબી.આખર-૧૪૪૭, તા.૨૬/૦૯/૨૦૨૫ને શુક્રવારના રોજ ૬૫ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે. મર્હૂમ બાવીસ વર્ષ સુધી મદીનામાં રહ્યા હતા અને હંમેશાં હાજીઓની સેવા માટે તત્પર રહેતા હતા.



મોલીપુરનિવાસી **મર્હૂમ મો.ગુલામભાઈ જલાલભાઈ ચંપા** મુ.તા. ૨૩, રબી.આખર-૧૪૪૭, તા.૧૫/૧૦/૨૦૨૫ને બુધવારના રોજ ૬૫ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે. ⟶

અલ્લાહ તઆલા તમામ મર્હૂમને ગરીકે રહમત કરે, અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.

**ગડમથલ નં.૩૯૦નો ઉકેલ**

<u>આડી ચાવીઓ:</u> (૧) સરહદ (૪) પરવરિશ (૭) દીનદાર (૯) મજીદ (૧૧) માવા (૧૨) રઅદ (૧૩) દાદ (૧૫) લાત (૧૬) જીતના (૧૮) ઝમઝમ (૨૦) લઈન (૨૨) તરી (૨૩) કીના (૨૬) મહરબાં (૨૮) ગફલત (૩૦) લાલ (૩૧) શહા (૩૨) કારવાં (૩૩) લબરેઝ (૩૪) રસન <u>ઊભી ચાવીઓ:</u> (૧) સલામત (૨) હદીદ (૩) દન (૪) પરવા (૫) વઝીર (૬) શહાદત (૮) દામાદ (૧૦) જીજાજી (૧૩) દાનાઈ (૧૪) અમન (૧૭) તલવાર (૧૯) પુરમલાલ (૨૧) નકી (૨૪) નાગહાની (૨૫) લલકાર (૨૭) હલબ (૨૯) તરસ

# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

**મર્હૂમ ઈસ્માઈલભાઈ ફત્તેહભાઈ મોમિન (નડીયાદ)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૨૦૦/- શીરીનબેન ઈસ્માઈલભાઈ મોમિન
રૂા.૨૦૦/- હસનઅલી ઈસ્માઈલભાઈ મોમિન
રૂા.૨૦૦/- શબ્બીરઅલી ઈસ્માઈલભાઈ મોમિન
રૂા.૨૦૦/- એહસાનઅલી હૈદરભાઈ મોમિન
રૂા.૨૦૦/- કનીઝઝહરા એહસાનઅલી મોમિન
રૂા.૨૦૦/- શાહેદા હસનઅલી મોમિન
રૂા.૨૦૦/- સાજેદાબેન શબ્બીરઅલી મોમિન
રૂા.૧૦૦/- હમીદાફાતેમા એહસાનઅલી મોમિન
રૂા.૧૦૦/- ઈકરામઅહમદ એહસાનઅલી મોમિન
રૂા.૧૦૦/- અસરારઅહમદ હસનઅલી મોમિન
રૂા.૧૦૦/- રેહાનઅહમદ હસનઅલી મોમિન
રૂા.૧૦૦/- મોહંમદઆદિલ શબ્બીરઅલી મોમિન
રૂા.૧૦૦/- ખદીજાફાતેમા શબ્બીરઅલી મોમિન

**મર્હૂમા મો.કલીબેન લાલાભાઈ બાંગ (બાદરપુર) ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૦૦૦/- મો.ગુલામહુસૈન લાલાભાઈ બાંગ
રૂા.૧૦૦૦/- મો.શબ્બીરઅલી લાલાભાઈ બાંગ
રૂા.૫૦૦/- મો.ફિઝઝાબેન ગુલામહુસૈન બાંગ
રૂા.૫૦૦/- મો.નફીસાબેન શબ્બીરઅલી બાંગ
રૂા.૫૦૦/- મો.ઈમ્દાદહુસૈન ગુલામહુસૈન બાંગ
રૂા.૨૫૧/- મો.અકબરઅલી શબ્બીરઅલી બાંગ
રૂા.૫૦૦/- મો.શાકેરાબેન ઈમ્દાદહુસૈન બાંગ
રૂા.૨૫૧/- મો.રહમતફાતેમા અકબરઅલી બાંગ
રૂા.૨૫૦/- મો.ગુલામઅલી રસૂલભાઈ ગોરા
રૂા.૨૫૦/- મો.સુગરાબેન ગુલામઅલી ગોરા
રૂા.૨૫૦/- મો.આબેદાબેન શબ્બીરઅલી મેડા
રૂા.૨૫૦/- મો.શબ્બીરઅલી વઝીરભાઈ મેડા
રૂા.૨૫૦/- મો.નજમાબેન હસનઅલી ડબા
રૂા.૨૫૦/- મો.હસનઅલી ગુલામમોહંમદ ડબા
રૂા.૨૫૦/- મો.તાહેરાબેન હૈદરઅલી મસી
રૂા.૨૫૦/- મો.હૈદરઅલી ગુલામઅબ્બાસ મસી
રૂા.૨૫૦/- મો.શાકેરાબેન મન્સૂરઅહમદ ડબા
રૂા.૨૫૦/- મો.મન્સૂરઅહમદ ઈસ્માઈલભાઈ ડબા
રૂા.૧૦૧/- મો.સફીયાફાતેમા ઈમ્દાદહુસૈન બાંગ
રૂા.૧૦૧/- મો.સીરતઝહરા ઈમ્દાદહસૈન બાંગ
રૂા.૧૦૧/- મો.આદિલહૈદર અકબરઅલી બાંગ
રૂા.૧૦૧/- મો.સિદ્દીકાઝહરા અકબરઅલી બાંગ
રૂા.૨૫૧/- મો.સાજેદાબેન આબિદઅલી હીરા
રૂા.૨૫૧/- મો.આબિદઅલી ઈમ્દાદઅલી હીરા
રૂા.૧૦૧/- મો.મુઝમ્મિલહુસૈન આબિદઅલી હીરા

**મર્હૂમા મો.રાબિયાબેન હસનઅલી ખાણશિયા (કિશોરગઢ)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૦૦૦/- મો.હસનઅલી નજરઅલી ખાણશિયા
રૂા.૧૦૦૦/- મો.અહમદઅબ્બાસ નજરઅલી ખાણશિયા
રૂા.૫૦૦/- મો.સાજેદાબેન નજરઅલી ખરોડીયા (જેઠીપુરા)
રૂા.૫૦૦/- મો.ઈનાયતફાતેમા અબ્બાસઅલી વિજાપુરા
રૂા.૧૦૦૦/- મો.મોહંમદઅલી સુલેમાનભાઈ ખાણશિયા
રૂા.૨૦૦/- મો.ઝૈનબબેન ગુલામમોહંમદ રાજપુરા (કેશરપુરા)
રૂા.૨૦૦/- મો.શહેરબાનું શબ્બીરઅલી જેથવા (કેશરપુરા)
રૂા.૧૦૦/- મો.હુસૈનાબેન અકબરઅલી રાજપુરા (કેશરપુરા)

રૂા.૧૦૦/- મો.ઈમ્દાદઅલી ગુલામમોહંમદ રાજપુરા (કેશરપુરા)
રૂા.૨૦૦/- મો.આબિદઅલી અબ્બાસભાઈ નુરભાણેજ (હરીપુરા)
રૂા.૫૦૦/- મર્હૂમ મો.યૂસુફ્ભાઈ નૂરભાઈ પટેલ
રૂા.૫૦૦/- મર્હૂમા મો.કુલસૂમબેન યૂસુફ્ભાઈ પટેલ
રૂા.૫૦૦/- મો.હસનઅલી યૂસુફ્ભાઈ પટેલ
રૂા.૫૦૦/- મો.આબેદાબેન નૂરમોહંમદ આગલોડીયા (જેઠીપુરા)
રૂા.૫૦૦/- મો.હુસૈનાબેન ઈમ્તિયાઝઅલી મસી (કેશરપુરા)
રૂા.૫૦૦/- મો.મહમૂદાબેન નાસિરહુસૈન લોઢા
રૂા.૨૦૦/- મો.ગુલામહુસૈન હાસમભાઈ પટેલ
રૂા.૨૦૦/- મો.મોહંમદઅલી હાસમભાઈ પટેલ
રૂા.૨૦૦/- મો.આબિદઅલી હાસમભાઈ પટેલ
રૂા.૨૦૦/- મો.વલીમોહંમદ હબીબભાઈ પટેલ
રૂા.૨૦૦/- મો.જાફરઅલી હબીબભાઈ પટેલ

**મર્હૂમ હાજી હૈદરઅલી જમાલભાઈ ઝાલર (મોલીપુર)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૦૦૦/- મો.અબ્બાસઅલી હૈદરઅલી ઝાલર
રૂા.૧૦૦૦/- મો.એહસાનઅલી હૈદરઅલી ઝાલર
રૂા.૫૦૦/- મો.મહેરબાનું અબ્બાસઅલી ઝાલર
રૂા.૫૦૦/- મો.કનીઝફાતેમા એહસાનઅલી ઝાલર
રૂા.૧૦૦/- મો.અકીલાફાતેમા અબ્બાસઅલી ઝાલર
રૂા.૧૦૦/- મો.મોહંમદહુસૈન અબ્બાસઅલી ઝાલર
રૂા.૧૦૦/- મો.હકીમાફાતેમા એહસાનઅલી ઝાલર
રૂા.૧૦૦/- મો.મોહંમદનાસિર એહસાનઅલી ઝાલર
રૂા.૧૦૦/- મો.મોહંમદહાદી એહસાનઅલી ઝાલર
રૂા.૨૦૦/- મો.મોહસિનઅલી અમ્મારઅલી ઝાલર
રૂા.૧૦૦/- મો.મોહંમદશબ્બર મોહસિનઅલી ઝાલર
રૂા.૨૦૦/- મો.ગુલામભાઈ નૂરાભાઈ ઝાલર
રૂા.૨૦૦/- મો.હસનઅલી ગુલામભાઈ ઝાલર
રૂા.૨૦૦/- મો.રૂકૈયાબાનું કાસમઅલી માણસિયા
રૂા.૨૦૦/- મો.નજમાબાનું મિકદાદઅલી રેવાસિયા
રૂા.૨૦૦/- મો.સાજેદાબાનું મન્સૂરઅલી રાજપુરા
રૂા.૨૦૦/- મો.અસ્માબાનું સાદિકઅલી બળ્યા
રૂા.૨૦૦/- મો.અબ્બાસઅલી રહીમભાઈ ભઠ્ઠી
રૂા.૨૦૦/- મો.ઝહરાબેન અબ્બાસઅલી ભઠ્ઠી
રૂા.૨૦૦/- મો.આબિદઅલી અબ્બાસઅલી ભઠ્ઠી
રૂા.૨૦૦/- મો.રહમતબાનું આબિદઅલી ભઠ્ઠી

**ફઝલઅબ્બાસ એજાઝહુસૈન મોમિન (કઠોર)ની બિસ્મીલ્લાહખ્વાનીની ખુશાલી પ્રસંગે મળેલ ડોનેશન.**

રૂા.૫૦૦/- ફઝલઅબ્બાસ એજાઝહુસૈન મોમિન
રૂા.૫૦૦/- એજાઝહુસૈન હાજી ઈમ્તિયાઝઅલી મોમિન
રૂા.૫૦૦/- મુમ્તાઝહૈદર હાજી ઈમ્તિયાઝઅલી મોમિન
રૂા.૫૦૦/- ઝૈનબબાનું મુમ્તાઝહૈદર મોમિન
રૂા.૫૦૦/- હાજી ઈમ્તિયાઝઅલી હાજી ગુલામહુસૈન કમાલ

રૂા.૧૦૦/- મદદઅલી ઈબ્રાહીમભાઈ મોમિન (વસો) તરફથી તેમના નવીન મકાનના ઈફ્તેતાહિય્યાની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦૦/- મો.મોહંમદહુસૈન મદદઅલી સેલીયા (વેળાવાપુરા)એ M.D.(General Medicine)ની પદવી મેળવી તેની ખુશાલી પ્રસંગે.

**મર્હૂમ મો.ગુલામભાઈ જલાલભાઈ ચંપા (મોલીપુર)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૫૦૦/- મો.શહરબાનુ ઝાકિરહુસૈન ચંપા
રૂા.૫૦૦/- મો.સકીનાબેન મંઝૂરઅલી ચંપા
રૂા.૫૦૦/- મો.મેઅરાજફાતેમા શબ્બીરઅલી ચંપા
રૂા.૫૦૦/- હબીબાબેન નજરઅલી મોમિન
રૂા.૫૦૦/- મો.રૂકૈયાબેન એહસાનઅલી બળ્યા
રૂા.૫૦૦/- મો.સકીનાબેન એહસાનઅલી ચંપા
રૂા.૫૦૦/- મો.રહમતફાતેમા અકબરઅલી મસી